R.N.I. No. MAHBIL/2020/79181

ક.ઉ.ઓ. પ્રકાશ સમીક્ષા

CDO PRAKASH SAMIKSHA

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

Since 1924...

સળંગ વર્ષ ૧૦૨મું

VOLUME : 07 • ISSUE : 02 • PAGES : 36 • MUMBAI • DATE : 20TH NOVEMBER 2026

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-

HD Fire Protect Limited
Corporate HQ: D-6/2, Road No. 34,
Wagle Estate, Thane 400604, India
Tel: +(91) 22 35287000 Email: info@hdfire.com

HD FIRE PROTECT™
Protecting what matters most to you

90 COUNTRIES. 1 PROMISE.
PEACE OF MIND.

35 YEARS OF TRUST

With a customer-centric approach, extensive manufacturing capabilities, and a commitment to service excellence, you can rest easy knowing that we have got your back.

Distributed 90+ countries

Trusted by 2K+ clients

Global Certifications



www.hdfire.com

With Best Compliments from:

MICROFINISH

Pumps • Valves • Automation



6D 0301

0045

SIL 3 IEC 61508

ATEX 94/9/EC

MICROFINISH VALVES PVT. LTD.

REGISTERED OFFICE:
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

WORKS: Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

BRANCH OFFICES:
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

તંત્રી સ્થાનેથી

આ અંકના અતિથી સંપાદક તરીકે ડૉ. અર્પણા રિતેશ નાગડા નલીયા (ડોંબિવલી) નો લેખ પ્રકાશિત છે.



- CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ, Mob.: 77385 08150

સમય બદલાઈ રહ્યો છે અને આપણે?

આજની યુવા પેઢી પૂરતું વાંચન કરતી નથી. તેમની એકાગ્રતા અને ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતા ઘટી રહી છે. પુસ્તકો કરતાં ગેજેટ્સ અને ડિજિટલ માધ્યમો તરફ તેમનો ઝુકાવ વધી રહ્યો છે.

શું આપણે માત્ર ફરિયાદો જ કરતા રહીશું? તેમને જ્ઞાન અને શિસ્તના સંસ્કાર કેવી રીતે આપીશું? આપણી પ્રાચીન સંસ્કૃતિ અને ઈતિહાસ તેમના માટે અપ્રસ્તુત બની જશે? શું તેમની સાથેનો આપણો સંબંધ માત્ર નામ પૂરતો જ રહી જશે?

ચિંતાઓ તો અનેક છે. પરંતુ પ્રકાશ સમીક્ષામાં અમે સમસ્યાઓ શોધનારા નહીં, પણ તેના ઉકેલો શોધનારા બનવામાં માનીએ છીએ.

જૂની અને નવી પેઢી વચ્ચેનું અંતર ઘટાડવા, દાદા-દાદી અને પૌત્ર-પૌત્રીઓને એક જ વિચારધારા સાથે જોડવા તથા ઝડપથી બદલાતી ટેકનેલોજીની દુનિયા સાથે કદમ મિલાવવા માટે અમે એક નવા વિભાગની શરૂઆત કરી છે KDO KONNECT.

KDO KONNECT *એ ડિજિટલ માધ્યમ પર આધારિત એક એવું મંચ છે, જેમને વાંચન કંટાળાજનક લાગે છે તેમના માટે છે. જેમને સમયના અભાવે આપણા સમાજ અને સંસ્કૃતિને લગતા સમાચારો તથા પ્રવૃત્તિઓથી માહિતગાર રહેવું મુશ્કેલ પડે છે, તેમના માટે આ એક ઉત્તમ માધ્યમ છે.*

માત્ર આઠ મિનિટથી ઓછા સમયના ટૂંકા અને માહિતીસભર વીડિયો આપણા સમાજની વિશેષતાઓ અને તેના ધ્વજવાહકોનો પરિચય કરાવે છે. જૈન ધર્મથી લઈને પેરેન્ટિંગ સુધી, મુદ્રાઓથી લઈને સ્વાસ્થ્યપ્રદ આહાર સુધી, પ્રવાસથી લઈને નાણાકીય વ્યવસ્થાપન સુધી KDO KONNECT *વિવિધતામાં એકતાનો સુંદર પરિચય કરાવે છે.*

તમારામાંના દરેક માટે અહીં કંઈક ને કંઈક રસપ્રદ છે. પ્રિન્ટ મેગેઝિનની જેમ જ આ વીડિયો પણ મહિનામાં બે વખત રજૂ કરવામાં આવે છે. જોકે, બંને માધ્યમોની સામગ્રી અલગ અને વૈવિધ્યસભર છે. એક જ વિષયનું પુનરાવર્તન કરવામાં આવતું નથી. આમ, પ્રિન્ટ મેગેઝિનનું વાંચન અને વીડિયોનું નિહાળવું, બંનેનો લાભ એકસાથે મળે છે.

સવારના વોકિંગ દરમિયાન, ઓફિસ જતી વખતે, કોઈ ક્લાયન્ટની રાહ જોતી વખતે કે પછી સોશિયલ મીડિયા પર એ જ ગીતો અને નૃત્યના વીડિયો જોઈને કંટાળો આવે ત્યારે આ વીડિયો તમારા સાથી બની શકે છે. મનોરંજનની સાથે જ્ઞાન અને માહિતી મેળવવાનો આ એક ઉત્તમ માર્ગ છે.

ડિજિટલ માધ્યમ આપણાં શીખવાના અનુભવને કેવી રીતે વધુ સમૃદ્ધ બનાવે છે?

૧. વધુ સારી સમજણ, યાદશક્તિ અને પુનઃસ્મરણ

જ્યારે દૃશ્ય માધ્યમ સાથે સાંભળવાની પ્રક્રિયા જોડાય છે, ત્યારે મગજ માહિતીને બે અલગ-અલગ માધ્યમો દ્વારા સંગ્રહિત કરે છે. આને આપણે આપણા કબાટમાં પુસ્તકો અને કપડાં માટે અલગ-અલગ ખાનાં રાખવા સાથે સરખાવી શકીએ. જરૂર પડે ત્યારે માહિતી યાદ કરવી અને તેને ફરીથી પ્રાપ્ત કરવી વધુ સરળ બને છે.

આદ્યતંત્રીઓ

''પ્રકાશ''

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

''સમીક્ષા''

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

''પ્રકાશ સમીક્ષા''

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

તંત્રી : CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ

સહતંત્રી : શિલ્પાબેન અજાણી

ટ્રસ્ટ રજી. નં : F - 69260

પ્રમુખ : CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ

મંત્રી : ઍડ. ઉદયન લાલજી લોડાયા

કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

અન્ય ટ્રસ્ટીઓ

કેશરસિંહ આણંદજી ખોના — કાશ્મીરાબેન વિરેન્દ્ર લુઠીયા

તિલકચંદ કુંવરજી લોડાયા — ઍડ. શૈલેશ સનત્ શાહ

શિલ્પાબેન અજાણી — કિરીટ ખેતસી શાહ

ઍડ. કેતન મધુકાંત લોડાયા — જયંત વિશનજી છેડા

સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

વૉલ્યુમ : ૦૭, અંક : ૦૨, તા. ૨૦-૧૧-૨૦૨૬

: કાર્યાલય :

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

PRAKASH SAMIKSHA

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

: જાહેરાત સંપર્ક :

હેમાંગ લાલજી શાહ - મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**

વિશેષ નોંધ : પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. - **તંત્રી મંડળ**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com

જાહેરાતની રકમ ભરવા બેંક એકાઉન્ટની વિગત

For NEFT Transfer

Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti

For Mobile App Transfer
Our MMID Code : 8359011

You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
"Shri C D O Prakash Samiksha Samiti" and payable at par at Mumbai.

ચેકથી જાહેરાતની રકમ ભરનારાઓએ ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

કલર પાનાની જાહેરાત

પ્રકાર	સાઈઝ	કલર	GST 5%	ટોટલ
મુખપૃષ્ઠ	167 x 190 mm	11,000/-	550/-	11,550/-
આખું પાનું	167 x 233 mm	10,000/-	500/-	10,500/-
અડધું પાનું	167 x 114 mm	6,000/-	300/-	6,300/-
પા પાનું	82 x 114 mm	4,000/-	200/-	4200/-

બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત

પ્રકાર	સાઈઝ	B/W	GST 5%	ટોટલ
આખું પાનું	160 x 225 mm	6,000/-	300/-	6,300/-
અડધું પાનું	160 x 111 mm	3,500/-	175/-	3,675/-
પા પાનું	77 x 111 mm	2,000/-	100/-	2,100/-
૧/૮ પાનું	77 x 54 mm	1100/-	55/-	1155/-
૧/૧૬ પાનું	77 x 27 mm	600/-	30/-	630/-

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઇત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

૨. સુગમતા અને સરળ ઉપલબ્ધતા :

વીડિયો જોવા માટે ઘરમાં કોઈ ખાસ જગ્યા ફાળવવાની જરૂર નથી. તમે તમારા મોબાઇલ કે લેપટોપ દ્વારા સરળતાથી તેની લિંક મેળવી શકો છો. આવી અસંખ્ય લિંક્સ તમારા ડિવાઇસમાં સચવાઈ શકે છે. તમારી અનુકૂળતા મુજબ ગમે ત્યારે તેને જોઈ કે સાંભળી શકો છો.

૩. અઘરા વિષયોને સરળ બનાવે છે :

KDO KONNECT *પર દરેક વિષયને નિષ્ણાતો દ્વારા નાના-નાના વિભાગોમાં વહેંચીને રજૂ કરવામાં આવે છે, જેથી વિષયની સ્પષ્ટ સમજણ મેળવી શકાય. હાવભાવ, ચિત્રો અને સંવાદના માધ્યમથી વક્તાઓ અઘરા વૈજ્ઞાનિક અને ટેક્નીકલ વિષયોને પણ સરળતાથી સમજાવે છે. વક્તાઓ દ્વારા ઉપયોગમાં લેવાતી સરળ અને સ્થાનિક ભાષા વિષયને આપણી સાથે વધુ આત્મીયતાથી જોડે છે.*

૪. પોતાની ગતિએ શીખવાની સ્વતંત્રતા :

તમે આ વીડિયો તમારી અનુકૂળ ગતિએ જોઈ શકો છો. થોભો, ફરીથી જુઓ, આગળ વધારો કે પાછળ લઈ જાઓ, તમે જે રીતે શીખવા ઇચ્છો તે રીતે શીખવાનું નિયંત્રણ તમારા હાથમાં છે. તમારી શીખવાની ક્ષમતા અને ગતિ પ્રમાણે તમે માહિતીને સમજી શકો છો.

૫. વિવિધ રુચિઓ અને શીખવાની શૈલીને અનુરૂપ :

નિષ્ણાતો અહીં વિવિધ વિષયો પર પોતાના વિચારો અને જ્ઞાન રજૂ કરે છે. તમારી રુચિઓ અને પસંદગીઓનું અમે સન્માન કરીએ છીએ. યુવા પેઢીને એવા વિષયો સાથે પણ પરિચિત થવાની તક મળે છે, જેના વિશે કદાચ તેઓ સ્વયં ક્યારેય શોધખોળ ન કરે. દરેક વક્તાની રજૂઆતની પોતાની આગવી શૈલી હોય છે, જે કંટાળાને દૂર રાખીને શીખવાની પ્રક્રિયાને રસપ્રદ બનાવે છે.

ચાલો, KDO KONNECT*ને દરેક જ્ઞાતિજન સુધી પહોંચાડીએ! સૌ સુધી આ વાત પહોંચાડીએ કે વાંચન માટે પ્રિન્ટ અને વીડિયો એમ બંને માધ્યમો આપણી સમક્ષ ઉપલબ્ધ છે.*

શીખવાની પ્રક્રિયા ક્યારેય અટકવી ન જોઈએ. જ્ઞાનનો સતત વિકાસ થતો રહેવો જોઈએ. આપણો સમાજ જાગૃત, માહિતગાર અને સમય સાથે સુસંગત રહે તે અત્યંત જરૂરી છે.

- અપર્ણા રીતેશ નાગડા
નલીયા (ડોંબિવલી)
Mob.: 98339 74009,
E-mail : aparnanagda04@gmail.com



પ્રકાશ સમીક્ષા હવે વિડીયો મેગેઝીન સ્વરૂપે શરૂ થઈ ગયું છે

એક શતક એટલે સો વર્ષોથી ક.દ.ઓ. જ્ઞાતિનું લોકપ્રિય મેગેઝીન પ્રકાશ સમીક્ષા સમયની સાથે ચાલતા ચાલતા નવા રૂપરંગ ધારણ કરી રહ્યું છે.

તા. ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૬થી પ્રકાશ સમીક્ષા વિડીયો મેગેઝીનનો પ્રારંભ થયો છે. જેને ખૂબ સુંદર પ્રતિસાદ મળી રહ્યો છે. દર મહિનાની ૧૨મી તારીખ તથા ૨૭મી તારીખ, એમ મહિનામાં બે વાર રજુ થાય છે. સોશીયલ મિડીયાના જમાનામાં પ્રકાશ સમીક્ષા દ્વારા પ્રારંભ થનારા આ નૂતન આયોજનને આપ સૌએ વધાવી લીધું એ બદલ આપનો ખૂબ ખૂબ આભાર. આપના મંતવ્યો આવકાર્ય છે.

પ્રકાશ વિડિઓ મેગેઝિન માટે વિડિઓઝ વોટ્સએપ નં. 98215 35111 ઉપર અથવા ઈમેઈલ આઈડી **kdokonnect@gmail.com** મોકલી શકો છો.

- પ્રકાશ સમીક્ષા સમિતી

U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS

AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS

COMMITMENT
TO EXCELLENCE



OUR PRESENCE AT:
- MUMBAI
- JNPT
- HAZIRA
- KOLKATA
- HALDIA
- CHENNAI
- KANDLA
- MUNDRA
- PIPAVAV

jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901

U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.

Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955

www.umkhona.com

CB: 11/189



કચ્છ દર્શન





ભાગ : ૭૪

લેખક : સોમ ઘરમશીં
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

(ગતાંકથી ચાલુ)

[લેખકની નોંધ :- અંક ૭૩માં શરતચૂકથી કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાતમાં જલેબી-ફાફડા સાથે બેશનની કઢી પિરસવામાં આવે છે, તે લખવાનું રહી ગયું. તેમજ નીલપરની ગ્રામ સ્વરાજય સંઘ સંસ્થાની આશ્રમ શાળા વિશે વિગતવાર ચર્ચા કરી પણ કોઈ વાચકને તે તરફ જવાની ઈચ્છા હોય તો તેમને મદદ થાય તે માટે સંપર્ક નંબર આપવાનાં રહી ગયા. શ્રીમતી મુક્તાબેન ભાવસાર - ૯૭૧૨૨ ૪૧૯૮૯ અને શ્રી ગ્રામ સ્વરાજય સંઘ-નીલપરના નં. : ૯૮૭૯૧ ૫૯૭૫૫]

બપોરનાં ત્રણ વાગે અમે સૌ બસમાં ગોઠવાયા અને ૨૦ કિ.મી. દુર આવેલ સીમા રક્ષક સેન્ટર પર પહોંચી ગયા જ્યાંનો ફોટો ગતાંકમાં આપેલ છે.

અહીં અરજણભાઈની ઓળખાણના કારણે અમારી મુલાકાત કેપ્ટન શ્રી દિલેરસિંહ સાથે થઈ જેમણે અમને વિસ્તારપૂર્વક આ બોર્ડર વિશે અહીંના એક પેવેલીયનમાં બેસાડી માહિતી આપી.

લગભગ ૧૯૫૦માં આઝાદી પછી આ બોર્ડર ખુલ્લી જ હતી. ભારત તરફ રાજસ્થાન-કચ્છનો કેટલોક પ્રદેશ તો પાકિસ્તાનનાં ''ગોરીવાલા'' પ્રદેશ સાથે સંકળાયેલો હતો. ૧૯૯૯નાં કારગીલ યુદ્ધ પછી તે વખતનાં રક્ષામંત્રી શ્રી જ્યોર્જ ફરનાન્ડીસ દ્વારા આ પ્રદેશને બી.એસ.એફ. દ્વારા વિકસાવવામાં આવ્યું અને નડાબેટ પાસે બી.એસ.એફ.નો સેન્ટર વિકસાવવામાં આવ્યું. અહીંયા બન્ને બાજુ પર રહેતી પ્રજા સાથે મનમેળાપ છે અને ''રોટી-બેટી''નો વહેવાર ચાલુ છે. કારગીલ યુદ્ધ પછી જે એક કે બે યુદ્ધ ભારત-પાકિસ્તાન વચ્ચે છેડાયા છે ત્યારે અહીંયા સર્તકતા વધારી દેવામાં આવી છે.

કેપ્ટન શ્રી દિલેરસિંહની મહેમાનગતિ માણી અમે સૌ પાછા બસમાં ગોઠવાયા. આ એરિયા સંવેદનશીલ હોવાથી ફોટોગ્રાફ લેવાની મનાઈ હતી તેથી અમારે અમારા મોબાઈલ પણ બસમાં મુકીને આવવાની વિનંતી કરવામાં આવેલી, જે બધા યાત્રિકોએ અનુસરી.

બસ પાછી ૨૦ કિ.મી.નાં ઉબડ-ખાબડ રસ્તા પરથી બી.એસ.એફ.નાં બેઈઝ કેમ્પ પર પાછી ફરી જ્યાં સાંજનાં ''Beating Retreat Ceremoney by the (BSF) Force'' ભારત-પાકિસ્તાન સરહદ નડાબેટ પર યોજાવાની હતી. બસ Retreat સેન્ટરનાં ગેટ પાસે ઉભી રહી અમે બધા મોટા સ્ટેડીયમાં ''Retreat in Action'' જોવા ગોઠવાયા.

સૌ પ્રથમ બી.એસ.એફ.નાં છ અને છ એમ બાર કેડેટ સ્ટેડીયમની મધ્યમાં ઉત્તર-દક્ષિણ તરફ મોઢું રાખી હાથમાં બી.એસ.એફ.નાં ધ્વજ સાથે ઉભા રહ્યા. તેમનાં કેપ્ટને પિસ્તોલનો ઘોડો દબાવ્યો એટલે માર્ચ કરતા ઉંધી દિશામાં પગને ઉછાળતા ચાલવા માંડ્યા, છેલ્લે સુધી માર્ચ કરી, પાછા વળી સેન્ટરમાં આવ્યા. એકબીજાનાં ધ્વજ ની આપ-લે કરી, છેલ્લે સુધી જઈ પાછા સેન્ટરમાં આવ્યા અને બ્યુગલ વગાડતાં વગાડતાં ધ્વજને વિટાળવા લાગ્યા, ત્યારબાદ માર્ચ કરતાં પોતાના સેન્ટર તરફ પાછા ફર્યા. લગભગ ૪૫ મિનિટ સુધી આ આખી પ્રક્રિયાનું રસપૂર્વક બધાએ નિરિક્ષણ કરી બહાર આવ્યા.

અહિંયાની ભોજનશાળામાં સાંજના સાત વાગે ભોજનને ન્યાય આપી પાસે આવેલ શ્રી નાડેશ્વરી માતાજી મંદિરમાં આરતી-ભજનનો લાભ લેવા ગોઠવાયા. આ ઐતિહાસિક પ્રાચીન મંદિર પાકિસ્તાનની સરહદ પર આવેલું છે. અહીંની ગૌશાળામાં ૨૦૦ ગાયો છે, અહીં ૧૫ થી ૨૦ કિ.મી.ના ઘેરાવામાં કોઈપણ ગામ ન હોવાથી પંખીઓ ખુબ જ પ્રમાણમાં છે તેમને દરરોજ ૫૦ કિ. અનાજનાં દાણા નાખવા વગેરે ધાર્મિક પ્રવૃત્તિઓ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે. પદ્મભુષણ પ.પૂ. સ્વામી સચ્ચિદાનંદ (દંતાણીવાળા)ના ટ્રસ્ટ તરફથી મોટો સહયોગ આપવામાં આવ્યો છે.

વધુ આવતાં અંકે...



શ્રી નાડેશ્વરી માતાજીનું મંદિર

વનિતા વિશ્વ

સ્પિરિટ ઓફ અચલગચ્છમાં નારી શક્તિનો દબદબો

- માલતી હરીશ ધરમશી-નવી મુંબઈ, Mo. 98692 89345
E-mail : maltidharamsi@gmail.com



હાલમાં જ ભાંડુપ ખાતે યોજાયેલ Spirit of Achalgachch JainZનું પ્રદર્શન જોયું, જાણ્યું અને માણ્યું. ખરેખર, અચલગચ્છ માટે ગૌરવ લેવા જેવું એક સુંદર આયોજન. અનેક સંઘોની પાઠશાળા, મંડળો તેમજ ૩ સ્ટોલ વ્યગતિગત રૂપે હતા. ટ્રસ્ટ દ્વારા રંગોળી, આંગી વગેરે કળા દાદ માંગી લેતી હતી. તો audio visual shows corporate level જેવા હતા.

પરંતુ મને વાત કરવી છે exibition stalls ની જેમાં લગભગ સ્ત્રીઓ એ જ ભાગ લીધેલો. કોઈ Rising star પાઠશાળાની બહેનોએ પોતાના વિદ્યાર્થીઓ સાથે મળીને બનાવેલી કૃતિ હતી, તો કોઈક પરિવારના બધા સભ્યોએ મળીને સુંદર પ્રોજેક્ટ બનાવ્યો. તો વળી અમુક બહેનપણીઓએ મળીને ''નારી શક્તિ''નો પરચો બતાવ્યો. એકથી એક ચડિયાતા પ્રોજેક્ટ્સ. કલ્પનાથી પણ વધુ સુંદર, આકર્ષક, informative, innovative, projects બનાવ્યા હતા. જેમ કે અરિહંતનું ઐશ્વર્ય, mind scanner હું કોણ છું, આત્માથી પરમાત્મા, નિગોદથી નિર્વાણ વગેરે વગેરે.

આજ ની સ્ત્રી multi talented હોય છે. પોતાના ઘર, સંતાન, નોકરી સંભાળી ને પછી જેટલો સમય મળ્યો એમાં પ્રોજેક્ટ બનાવીને સુંદર રીતે પ્રસ્તુત કરવું કંઈ સહેલું નહોતું. ઈનામોના હકદાર નક્કી કરવાનું નિર્ણાયકોને અઘરું લાગ્યું હશે.

આ આયોજન પ. પૂ. અચલગચ્છાધિપતિ શ્રી કલાપ્રભસાગરસુરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી, પ. પૂ. મુનિરાજ શ્રી હેમચંદ્ર મ.સા.માર્ગદર્શન હેઠળ યોજાયું. એ સ્વપ્નને સાકાર કરવા માટે મહાજન પ્રમુખ શ્રી નયન ભેદાએ બીડું ઝડપ્યું અને એમાં સાથ આપ્યો શ્રી કુમારભાઈ દંડ, મનોજ લોડાયા અને એમની ટીમે. આવું સુંદર આયોજન દર વર્ષે નિયમિત રૂપે થવું જોઈએ.

To Papa Through Mummy

Mummy, I came from your womb, but I became papa's pari.

You taught me how to speak and papa taught me how to walk.

You taught me how to behave and papa taught me how to survive.

You showed me this world and papa taught me how to recognise the world.

You made me aware of the conditions and papa taught me how to fight with the conditions.

You taught me how to sleep peacefully and papa made me dream with my eyes open.

If you were not there, my life would have been incomplete, mummy, but without papa, it would be impossible.


મમ્મીની મમતા, પપ્પાની પ્રેરણા

મમ્મી, મારો જન્મ તમારા ગર્ભમાંથી થયો,
પણ હું પપ્પાની પરી બની ગઈ.
તમે મને બોલતાં શીખવ્યું,
અને પપ્પાએ મને ચાલતાં શીખવ્યું.
તમે મને સંસ્કાર આપ્યા અને વ્યવહાર શીખવ્યા,
અને પપ્પાએ મને જીવનમાં ટકી રહેતાં શીખવ્યું.
તમે મને આ દુનિયા બતાવી,
અને પપ્પાએ આ દુનિયાને ઓળખતાં શીખવ્યું.
તમે મને પરિસ્થિતિઓથી વાકેફ કરી,
અને પપ્પાએ મને એ પરિસ્થિતિઓ સામે લડતાં શીખવ્યું.
તમે મને શાંતિથી ઊંઘતાં શીખવ્યું,
અને પપ્પાએ મને ખુલ્લી આંખે સપનાં જોતા શીખવ્યું.
જો તું મારી સાથે ન હોત, તો મારું જીવન અધૂરું હોત મમ્મી
પરંતુ પપ્પા વિના તો મારું જીવન શક્ય જ ન હોત.
મમ્મી અને પપ્પા,
તમે બંને મારા જીવનના બે અમૂલ્ય આધાર છો.

વડીલોનું વિશ્વ

કાલની રાહમાં આજને ગુમાવશો નહીં!

તિલકચંદ કે. લોડાયા-ચેન્નઈ
(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646



સમયની ગતિ કેટલી અજબ છે!

સવારે આંખ ખોલીએ ત્યાં તો સાંજ પડી ગઈ હોય છે. સોમવારથી શરૂ થયેલું અઠવાડિયું ક્યારે શુક્રવારે પહોંચી જાય છે તેની ખબર પણ પડતી નથી. મહિનો પૂરો થાય છે અને જોતજોતામાં વર્ષ પણ વિદાય લેવાની તૈયારીમાં હોય છે.

આ જ રીતે જીવનનાં ચાર, પાંચ કે છ દાયકા ક્યારે પસાર થઈ જાય છે તેની આપણને જાણ પણ થતી નથી. માતા-પિતા, ભાઈ-બહેનો અને કેટલાય સ્નેહીજનોની વિદાય પછી એક દિવસ અચાનક સમજાય છે કે જીવનનો મોટો હિસ્સો પાછળ રહી ગયો છે. હવે પાછા ફરીને એ દિવસો જીવી શકવાના નથી.

તો પછી જે સમય હાથમાં છે તેને શા માટે ન માણીએ?

આપણને ગમતી પ્રવૃત્તિઓ કરીએ, જૂના શોખને ફરી જીવંત કરીએ, નવા મિત્રો બનાવીએ, મનગમતાં સ્થળોની મુલાકાત લઈએ અને જીવનની નાની નાની ખુશીઓમાં આનંદ શોધીએ. વાળની સફેદી વચ્ચે જીવનમાં રંગ પૂરવાનું ભૂલીએ નહીં. ઉંમર વધે એ સ્વાભાવિક છે, પણ ઉત્સાહ અને ઉમંગને નિવૃત્ત કરવાની કોઈ જરૂર નથી!

સૌથી મહત્ત્વની વાત છે જીવનમાંથી 'પછી' શબ્દને થોડો ઓછો કરીએ.

પછી કરીશ...

પછી મળીશ...

પછી વાત કરીશ...

પછી માફી માંગીશ...

પછી કોઈને મદદ કરીશ...

પછી મનગમતું કામ કરીશ...

પણ આ 'પછી'ની રાહ જોતાં જોતાં ઘણી વાર ઘણું મોડું થઈ જાય છે.

કારણ કે પછી ચા ઠંડી થઈ જાય છે, સંબંધોમાં ઉષ્મા ઓછી થઈ જાય છે, બાળકો મોટાં થઈ જાય છે, માતા-પિતા વૃદ્ધ થઈ જાય છે, તબિયત સાથ આપવાનું બંધ કરે છે અને કેટલાંક વચનો માત્ર વચનો બનીને રહી જાય છે.

કેટલીક મુલાકાતોનો સમય વીતી જાય છે, કેટલીક માફીઓ અધૂરી રહી જાય છે અને કેટલીક ઇચ્છાઓ માત્ર ઇચ્છાઓ બનીને રહી જાય છે. આપણે ઘણી વાર એવું માનીએ છીએ કે આપણી પાસે સમય તો ઘણો છે. પરંતુ સમય ક્યારેય કોઈની રાહ જોતો નથી. આવતીકાલની ખાતરી કોઈ આપી શકતું નથી.

ખાસ કરીને વડીલોએ તો આ વાત સમજવાની છે.

જીવનના અનુભવનો ખજાનો આપણી પાસે છે, પરંતુ તેનો આનંદ માણવા માટે વર્તમાન જ આપણી સાચી મૂડી છે.

નિવૃત્તિ એટલે જીવનમાંથી નિવૃત્તિ નહીં! નોકરી કે વ્યવસાયમાંથી નિવૃત્ત થયા પછી પણ જીવનમાં અનેક નવી શરૂઆત થઈ શકે છે. કોઈ નવો શોખ કેળવીએ, વાંચન કરીએ, લખીએ, સંગીત માણીએ, પ્રવાસ કરીએ કે સમાજ માટે સમય ફાળવીએ. આપણી પાસે વર્ષોનો અનુભવ છે, તેનો લાભ નવી પેઢીને આપીએ. આપણું માર્ગદર્શન કોઈના જીવનમાં નવો પ્રકાશ પાથરી શકે છે.

એક વાત ખાસ યાદ રાખીએ. કોઈ આપણને મળવા આવે તેની રાહ જોવાને બદલે આપણે કોઈને મળવા જઈએ. કોઈ ફોન કરે તેની રાહ જોવાને બદલે આપણે ફોન કરીએ. સંબંધો જાળવવાની જવાબદારી માત્ર બીજાની નથી. પહેલ કરવામાં ઉંમર ક્યારેય આડે આવતી નથી.

જીવનના આ પડાવ પર અપેક્ષાઓ ઓછી અને સ્વીકારવાની ભાવના વધુ રાખીએ. દરેક વ્યક્તિ આપણી ઇચ્છા પ્રમાણે વર્તે તેવી અપેક્ષા ન રાખીએ. નાની નાની વાતોને મન પર ન લઈએ. જૂની કડવાશને ભૂલીને સંબંધોમાં

ફરી મીઠાશ લાવવાનો પ્રયત્ન કરીએ. માફી માંગવામાં કે માફ કરવામાં કોઈ નાનપ નથી.

ક્યારેક એક સ્મિત, એક ફોન, બે પ્રેમાળ શબ્દો કે કોઈની વાત શાંતિથી સાંભળવી પણ સામેવાળાને ખૂબ મોટો આનંદ આપી શકે છે. આપણે કેટલું જીવ્યા એના કરતાં આપણા કારણે કેટલાં લોકોના જીવનમાં આનંદ આવ્યો એ વધુ મહત્ત્વનું છે.

અને હા, એકાંતને એકલતા બનવા ન દઈએ. પોતાની સાથે સમય વિતાવતાં શીખીએ. જૂની યાદોને વાગોળીએ, મનગમતું વાંચીએ, પ્રકૃતિ સાથે સમય પસાર કરીએ અને ક્યારેક પોતાની જાતને પણ પૂછીએ કે આજે મેં મારા માટે શું કર્યું?

ગઈકાલને યાદોમાં સાચવો, આવતીકાલની આશા રાખો, પરંતુ આજને જીવવાનું ચૂકશો નહીં.

ચાલો, આજે જ કોઈ જૂના મિત્રને ફોન કરીએ, કોઈ સ્વજનને મળીએ, કોઈને પ્રેમના બે શબ્દો કહીએ, કોઈ અધૂરું કામ પૂરું કરીએ અને કોઈની જિંદગીમાં આનંદનું એક નાનું કારણ બનીએ.

જીવનનો સાચો મહિમા તેની લંબાઈમાં નહીં, પરંતુ તેની ઊંડાઈ અને ઉપયોગિતામાં છે. જીવન લાંબું ન હોય તો વાંધો નથી, પણ જીવન મોટું જરૂર બનાવજો. કેટલાં વર્ષ જીવ્યા એ આપણા હાથમાં ન પણ હોય, પરંતુ કેટલું સાર્થક જીવ્યા એ ચોક્કસ આપણા હાથમાં છે!

કારણ કે જીવનમાં સૌથી સુંદર દિવસ કદાચ આવતીકાલ નથી, પણ આપણી પાસે આજે જે દિવસ છે તે જ છે.

યાદ રાખીએ

'પછી' કદાચ આવે, કદાચ ન પણ આવે; પરંતુ 'આજ' આપણી સામે છે!

તો પછી રાહ શેની જોઈએ?

જીવો, હસો, મળો, માણો અને બીજાના જીવનમાં પણ આનંદના રંગો પૂરતા રહો.

ઉંમર ગમે તેટલી હોય, જીવનનો ઉત્સવ ચાલુ રહેવો જોઈએ! ***

ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



સ્વ. ચંદ્રકાંતભાઈ વલ્લભજી ગોગરી

નાના ભાડીયા, કચ્છ
હાલે પવઈ
અરિહંતશરણ : તા. ૧૫.૧૧.૨૦૨૬

કચ્છી સમાજના લોકપ્રિય, સેવાભાવી તથા મહાન દાનેશ્વરી શ્રી ચંદ્રકાંતભાઈ વલ્લભજી ગોગરી (ઉંમર વર્ષ ૮૦)નું તારીખ ૧૫ નવેમ્બરના દુઃખદ અવસાન થયું છે. તેમનું સમગ્ર જીવન માનવસેવા, જીવદયા, પરોપકાર અને સમાજકલ્યાણને સમર્પિત રહ્યું હતું. કરોડો રૂપિયાનું દાન કરીને અનેક સેવાકાર્યોમાં આપેલો અમૂલ્ય ફાળો માત્ર આર્થિક સહયોગ નહોતો, પરંતુ માનવતા પ્રત્યેની આપની અતૂટ નિષ્ઠા અને કરુણાભાવનું પ્રતીક હતો. તેમના નિધનથી કચ્છી સમાજે એક મહાન દાનવીર, માનવતાના સાચા ઉપાસક અને સેવાભાવી વ્યક્તિત્વ ગુમાવ્યું છે. તેમની ખોટ ક્યારેય પૂરી શકાય તેમ નથી.

પરમાત્મા સદગતના પવિત્ર આત્માને શાશ્વત શાંતિ અર્પે અને તેમના પરિવારજનો, સ્નેહીજનો તથા સમગ્ર સમાજને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના સહ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ.

પ્રકાશ સમીક્ષા સમિતી

રોગથી મુક્તિ મેળવવા કે સદા તંદુરસ્ત રહેવા... (૩)



- ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (મુંબઈ), M : 8369077978

ધર્મધ્યાન, જાપ ઉઁકારનાદથી કરાતું મેડીટેશન : ભક્તામર સ્ત્રોતનું સમજપૂર્વક ભાવથી બોલવું એ પણ ધ્યાન-મેડીટેશનનું જ રૂપ છે. નવકારમંત્રનો જાપ-અહીં નવકાર કેટલા ગણાયા તે તરફ ધ્યાન ન આપતાં, એકાગ્રતાથી દરેક પદનું ભાવપૂર્વક ઉચ્ચારણ કરવું એ મેડીટેશન જ છે. મન શાંત બને છે. ચિત્ત સ્થિર રહે છે. નવકારનાં નવપદ કે પાંચપદ બોલી શકાય. વધુ ધ્યાનમગ્ન થવા માટે એક જ પદ બોલી શકાય.

ઉઁકારનાદ એટલે અ+ઉ+મ્નો ઉદ્‌ગાર મનને એકાગ્રતા આપે છે. 'અ'નું ઉચ્ચારણ કરી મોંને ફૂંક મારવાનો સ્થિતિમાં લાવતાં તે 'ઉ'નું ઉચ્ચારણ થશે અને ત્યારબાદ મોં બંધ કરતાં એ જ ઉચ્ચારણ 'મ્' બનશે. આ ઉઁનું ઉચ્ચારણ નાભિથી મસ્તક-મગજ સુધી કંપન પેદા કરશે જે મનને શાંત કરશે. આ ઉઁકાર નાદથી અન્ય ઘણા શારીરિક તેમજ માનસિક બન્ને ફાયદા મળી રહેશે.

હથેળી અને પગની પાનીના પોઈન્ટ દબાવવા : હાથ અને પગની પાની એ શરીરની નાડીઓના અંતભાગ આવેલા છે. અહીં દબાવવાથી તે સર્વ નાડીઓને સક્રિય કરશે જે શરીરમાં અવયવ માટે લાભદાયી બની રહે છે. રાત્રે સૂતા પહેલાં પગના તળિયે માલિશ કરવી એ આપણા વડીલોનો નુસ્ખો હતો. રાઈનું તેલ, ગરમી હોય તો કોપરેલ કે ગાયનું ઘી માલિશ માટે વાપરવું. કાંસાની વાટકીથી ઘસીને માલિશ કરવાથી વધુ ફાયદો મેળવી શકાય. પગની માલિશથી થાક મટે, ઉંઘ સારી આવે, પગના પોઈન્ટ દબાય તેથી શરીરના દરેક અવયવોની ક્રિયા સક્રિય થાય.

હથેળીમાં આંખ, કાન, લીવર, પેટ, આંતરડા, થાયરોઈડ, પેરા થાયરોઈડ, હૃદય અને કીડનીના પોઈન્ટ છે. જે પુસ્તક દ્વારા કે ગુગલમાં શોધી જાણી શકાશે અને તે દરેક પોઈન્ટ દબાવી ફાયદો મેળવી શકાશે. આના કરતાં સરળ રીત-હાથની અલગઅલગ રીતે મસાજ કરવાથી, તાળી પાડવાથી કે દબાણ આપવાથી, ટૅપ કરવાથી (ઠપકારવાથી) દરેક ફાયદા મેળવી શકાય તે જાણીએ.

(૧) અંગૂઠાનો મસાજ કરવી : ડાબા અંગૂઠાને જમણા હાથથી ગોળાકાર ફેરવી તેજ રીતે જમણા અંગૂઠાને ડાબા હાથથી ત્વચા પર મસાજ કરવી, હાડકા સુધી મસાજ નથી કરવું,. ૧૦ થી શરૂ કરી બન્ને અંગૂઠાની મસાજ ૫૦ સુધી વધારો. લીવર, પેટ, પેડુ થાયરોઈડ, સર્વાઈકલ સ્પોન્ડીલાઈટીસ માટે ફાયદાકારી.

(૨) બન્ને હાથની આંગળીઓ એકબીજામાં પરોવી આંગળી વચ્ચેના જોઈન્ટમાં મસાજ કરવી છે. ૨ મિનીટથી શરૂ કરો પાંચ મિનીટ સુધી વધારી શકાય. શરીરના જોઈન્ટ્સ, પગ અને ઘૂંટણના સાંધા માટે ફાયદાકારી.

(૩) હાથ સામે તરફ લંબાવી હથેળી ખુલ્લી કરી મુઠ્ઠી વાળવાની છે. મુઠ્ઠી ખોલવાની છે આ મુઠ્ઠી ખોલ-બંધની ક્રિયા કરતાં અંગૂઠાને બહાર રાખી કે મુઠ્ઠીમાં વાળી બન્ને રીતે કરી શકાય. આ ક્રિયા પણ ૨ મિનીટથી શરૂ કરી ૫ મિનીટ સુધી વધારવી. આ કસરત પેનક્રિયાઝ, પાચન, કબજીયાત અને IBS (ઈરીટેબલ બોવેલ સીન્ડ્રોમ)ની તકલીફવાળા માટે ખૂબ ઉપયોગી.

(૪) બન્ને હાથના આંગળાને એકબીજામાં પરોવી સામસામે ટૅપ કરો. આ ક્રિયા ૧ મિનીટથી શરૂ કરી ૫ મિનીટ સુધી વધારી શકાય. આ કસરત પેલ્વીક હેલ્થ અને યુરીનરી તકલીફ માટે, સ્ત્રીઓ માટે ગર્ભાશયની તકલીફ અને પુરૂષો માટે પ્રોસ્ટેટની તકલીફ ન થાય તેની સંભાળ માટે લાભદાયી છે.

(૫) કરોડ અને સાઈટીકા માટે ફાયદાકારી આ કસરતમાં બન્ને હાથની ઉલ્ટી બાજુ ટેપીંગ કરવાનું છે. પ્રથમ જમણા હાથને હથેળીથી ઉલ્ટી બાજુ નીચે રાખી ડાબા

હાથથી ટેપ કરો તે જ રીતે ડાબા હાથની હથેળીની ઉલ્ટી બાજુ નીચે રાખી જમણા હાથથી ટેપ કરો. આ કસરત ૧૦થી શરૂ કરી ધીરે ધીરે વધારી શકાય.

(૬) ગરદન, ડોક, ખભા, કરોડ અને કમર સુધીની લાભદાયક કસરત એટલે બેસીને તાડાસન કરવું. હાથના આંગળાને એકબીજામાં ભેરવી, પહેલી આંગળી બન્ને એકબીજા સામે ઉભી કરી બાકીના આંગળા એકબીજામાં પરોવાયેલા રાખો. બન્ને હાથ મળીને પોઈન્ટર મુદ્રા બનશે તેને માથા પર ઉંચકી આકાશ તરફ ખેંચાણ આપો જેનાથી કરોડને ઉપરથી નીચે સુધી ખેંચાણ મળશે. (કરોડની તકલીફ વધુ હોય તેમણે ટ્રેક્સન અપાય છે તેમ) ગરદન, ડોક, ખભા, પીઠ અને ઠેઠ કમર સુધીની કોઈપણ તકલીફ માટે અતિ ઉપયોગી કસરત છે જેનાથી આશ્ચર્યજનક ફાયદા મળે છે.

આ ૬ પ્રકારની કસરતો સરળ છે તે ટી.વી. જોતાં, વાતો કરતાં કે ગાર્ડનમાં કે ક્યાંય શાંતિથી બેઠા હોઈએ ત્યારે કરીને તે સર્વ ફાયદા મેળવી શકાય.

મનની શરીર પર ખૂબ ઊંડી અસર થાય છે. મનને મજબૂત, નિરોગી કરવા Mind healing, પ્રાણાયામ, ધ્યાન, કસરત અને યોગ આસન નિયમિત કરી મન સાથે તનને પણ તંદુરસ્ત કરીએ. રોગ હોય તો તેમાંથી મુક્તિ મેળવીએ અને સદા તંદુરસ્ત રહીએ.

(સંપૂર્ણ)

પહેલા વહાલાં, તે પ્યારા પડોશી!

સામાજિક કાર્યના શરૂઆતના દિવસોમાં ચક્ષુદાન કરાવવા ડૉક્ટરોની ટીમ સાથે કીટ લઇ જ્યાં દેહાવસાન થયું છે, તે ઘટના સ્થળે જાતે પહોંચી જતો.

એવી એક મુલાકાત વખતે જે મકાનમાં જવાનું હતું ત્યાં, ચોથા માળે ફ્લેટ નં. ૪૨ની ડોરબેલ વગાડી. પૅસેજના ઝાંખા પ્રકાશમાં દરવાજો તો ઉઘડ્યો, પણ ત્યાં તો જોરશોરથી હેપ્પી બર્થ ડે પાર્ટીનો ઘોંઘાટભર્યો અવાજ સંભળાયો. ડીજેના મ્યુઝિકના મોટા અવાજમાં નાચગાન ચાલુ હતા.

મેં પૂછ્યું કે, ફલાણા ભાઈનું ઘર આ કે?

દરવાજો ખોલનારને ઘરના વડાનું નામ ફરી પૂછતાં જણાવાયું કે, એ તો ફ્લેટ નં. ૪૩માં છે અને બીજું કંઇ પૂછું તે પેલાં ફટાક કરીને દરવાજો બંધ થઇ ગયો!

સૉરી, કહીને હું ફ્લેટ નંબર ૪૩ તરફ વળ્યો, અને ફ્લેટ નં. ૪૩માં જઇ ચક્ષુદાનની સઘળી વિધિ પતાવી.

નીચે તરફની સીડી ઉતરતાં, મન વિચારોનાં વમળમાં વળ્યું. પાડોશના જ ફ્લેટમાં મરણ થયું છે અને એ બર્થડે વાળી પાર્ટીના ફ્લેટમાં કંઇક કરતાં કંઇ પણ ખબર ના હોય તેવું કેમ બની શકે? બે-ચાર વરસથી એક જ મકાનના એક જ ફ્લોર પર રહેતા આડોશ-પાડોશને નહીં ઓળખતા રહેવાસીઓ કેવા કહેવાય?

આજે માણસ -માણસને જાણતો નથી. પૂછપરછ તો છોડો, એક બીજાને ઓળખવાની પણ કોશિષ થતી નથી. નામ, ઠામ, ગામ (ઘરમાં કોણ કોણ છે) વિગેરે પ્રશ્નો પૂછવા તે પણ હવે લગભગ નહીંવત્ થઇ ગયું છે. સૌ કોઇ પોતાનામાં વ્યસ્ત છે, મસ્ત છે.

એક સમય હતો જ્યારે પડોશી એટલે પરિવારનો જ એક ભાગ. કોઈના ઘરમાં સુખ હોય તો આખી શેરીમાં આનંદ છવાઈ જતો અને કોઈના ઘરમાં દુઃખ આવે તો આખું મહોલ્લું પડખે ઊભું રહેતું. કોઈના ઘરમાં ચુલો ન સળગ્યો હોય તો સામેના ઘરેથી ભોજન પહોંચી જતું. કોઈ બીમાર પડે તો ખબર પૂછવા લોકોની હારમાળા લાગી જતી. સંબંધો લોહીના ન હોય તો પણ લાગણીના તાંતણે બંધાયેલા રહેતા. પરંતુ આજે સમય બદલાયો છે, માણસ બદલાઈ ગયો છે?

અમે જે ચક્ષુદાનની કાર્યવાહી માટે આવ્યા છીએ, તેમ કહેવા છતાં પાડોશીએ તો પોતાનો ફ્લેટ ધડામ કરતો બંધ કરી દીધો!

સૌથી વધુ દુઃખ ત્યારે થાય છે જ્યારે કોઈના ઘરમાં

મૃત્યુનો માતમ છવાયેલો હોય અને બાજુના ઘરમાં ઉત્સવના નામે ધોંઘાટ ચાલતો હોય. કોઈની આંખોમાં આંસુ હોય અને કોઈને પોતાની ખુશીના શોરમાં એ આંસુ દેખાતાં પણ ન હોય. શું આ જ છે આપણી સંસ્કૃતિ? શું આવી જ છે આપણી રહેણી કરણી?

આજે માણસનો માણસ પ્રત્યેનો પ્રેમ વિસરાઈ ગયો છે.

હેપ્પી બર્થ ડેની ઉજવણીના ઉલ્લાસમાં, ધમાચકડી, શોરબકોર અને સંગીતના સૂરમાં પાડોશમાં મૃત્યુ થયાની એ શોકમય બાબતની ઘોર અવગણના કરી, પાછા નાચગાનના સંગીતના સૂરમાં તલ્લીન થવા, દરવાજો બંધ થઈ ગયો હતો!

પહેલો સંબંધી તે પાડોશી તેવું કહેવું એ પણ વિસરાઈ ગયું છે. આજુબાજુ રહેનારા લોકો સાથે નમેરવણથ, નચા-સાકરથની વાટકીનો સંબંધ પણ આજે જુનવાણીમાં ખપાય છે. આજનો માણસ લાગણીશૂન્ય બન્યો છે. તે ફક્ત તેના સ્વાર્થના સર્કલ મોટા કરવાની પળોજણમાં પરસ્પર આદર, સ્નેહ, મીઠાશ, પ્રેમ જીવનો ઉપયોગી અને કલ્યાણકારી બહુજન સેવા આજે ધૂંધળી થઈ જોજનો દૂર થઈ ગઈ છે.

આજે પાડોશી ધર્મના ધજાગરા થઈ ગયા છે. આજે લોકો મોટા ઍપાર્ટમેન્ટના મોટા મકાનોમાં આંખ, કાન અને મગજ બંધ કરી પોતાનામાં જ પરોવાયેલા રહી અંતરમનના ઊંડાણમાં ડોકિયું કર્યા વગર મરવાના વાંકે જીવતા હોય તેમ રહે છે.

ઊંચી ઈમારતો ઊભી કરી, સુખ-સગવડનાં અનેક સાધનો વસાવ્યાં, પરંતુ આ બધાની વચ્ચે એકબીજા માટે જીવવાની ભાવના ક્યાંક ગુમાવી દીધી.

આપણે મોટા-મોટા મકાનો બાંધ્યાં, ઊંચી ઈમારતો ઊભી કરી, સુખ-સગવડનાં અનેક સાધનો વસાવ્યાં, પરંતુ આ બધાની વચ્ચે એકબીજા માટે જીવવાની ભાવના ક્યાંક ગુમાવી દીધી.

આવી પરિસ્થિતિમાં માનવતાની ભાવનાને એક પગલું આગળ લઈ જઈએ, ચક્ષુદાન અને દેહદાન જેવા મહાન કાર્ય માટે લોકોને જાગૃત કરીએ.

ચાલો, આપણે તો આપણું કામ-ચક્ષુદાન કરીએ જ ને? તેવો સંકલ્પ કરી સમાજને ચક્ષુદાન-મહાદાનનો સંદેશો સૌ કોઈને પહોંચાડીએ જ ને?

ચાલો, સંબંધોના દરવાજા ફરી ખોલીએ, દિલની લાગણીઓને જીવંત કરીએ અને માણસાઈને ફરીથી આપણા જીવનનો હિસ્સો બનાવીએ. નકારાત્મકતાથી બહાર આવીએ.

કારણ કે...મકાનોની ઊંચાઈથી માણસ મોટો નથી બનતો, પરંતુ બીજાના દુઃખમાં કેટલો નાનો બનીને તેની પાસે ઊભો રહે છે, તેનાથી માણસ મોટો બને છે.

આજે માણસ પાસે મોબાઇલમાં સેંકડો સંપર્કો છે, સોશિયલ મીડિયામાં હજારો મિત્રો છે, પરંતુ બાજુના ઘરમાં રહેતા માણસ સાથે 'કેમ છો', જેવા બે મીઠા શબ્દો બોલવાનો પણ સમય નથી!

આખરે એક જ વાત યાદ રાખીએ પડોશમાં રહેવું સહેલું છે, પણ એકબીજાના હૃદયમાં રહેવું એ જ સાચું જીવન છે. જે આજે આજના માણસે એકબીજાને અંધારામાં ખપાવ્યું છે.

– CA **કુલીનકાંત ચાંપશી લુઠીયા**
માનવ જ્યોત, સામાજિક કાર્યકર
૯૮૨૦૦ ૩૯૪૬૯

SACHI JARI MATE REAL NAM

જ્યોતિ
Sarees
Matunga (E)

Kasab-Zik Kasab-Pita-Butkasab
Chaniacholi-Sarees-Borders
Gharchola-Bandhni-Patola

Behind Arora Theatre, Ph.: 022-2404 3995 / 83692 52836
Follow us on instagram @jyotisaree (SUNDAY CLOSED)

વિશેષ નોંધ : પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **– તંત્રી મંડળ**

આપણો સાંસ્કૃતિક વારસો
પખાવાજ ભાગ - ૧૨

સં. રમેશ મુલજી લોડાયા - ભરૂડીયા (મુલુંડ) મો. ૯૮૨૦૩૩૬૭૬૭



પુનર્જાગરણ, ભવિષ્ય અને આપણી જવાબદારી

વડોદરાથી પ્રજ્વલિત થયેલી પખાવાજની જ્યોત ભાંડુપ-તેરા-ગાંધીધામ-કોઠારા-ભુજ-સાંયરા-સુથરી થઈને ફરી ભાંડુપ (મુંબઈ) આવી પહોંચી. આ માત્ર એક સંગીત પરંપરાની યાત્રા નથી, પરંતુ આપણા પૂર્વજોએ પ્રજ્વલિત કરેલી ભક્તિ અને સંસ્કૃતિની જ્યોતને નવી પેઢી સુધી પહોંચાડવાની યાત્રા છે.

અચલગચ્છના ઈતિહાસમાં ગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મહારાજની નિશ્રામાં પ્રથમવાર તા. ૧-૧૧-૨૦૨૬, રવિવારના રોજ ભાંડુપ ખાતે પખાવાજનો ભવ્ય કાર્યક્રમ યોજાયો. શ્રી ક.દ.ઓ. જૈન મુંબઈ મહાજન, શ્રી અનંતનાથજી મહારાજ ટ્રસ્ટ તથા શ્રી ક.દ.ઓ. જૈન સંઘ, ભાંડુપના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં મુંબઈ, કચ્છ અને દેશાવરનાં કુલ ૧૩ મંડળોએ ભાગ લીધો.

આચાર્યશ્રીનાં આશીર્વચન : પખાવાજ એટલે અંતરઆનંદની સાધના

કાર્યક્રમને આશીર્વચન આપતાં આચાર્યશ્રીએ પખાવાજની પરંપરા પ્રત્યે ઉંડો રાજીપો વ્યક્ત કર્યો હતો. તેમણે દીક્ષા પહેલાંના પોતાના બાળપણના દિવસો યાદ કરતાં જણાવ્યું કે તે સમયે પખાવાજ દ્વારા પ્રભુ ભક્તિ કરવાની અને મેરાઉ વિદ્યાપીઠમાં દરરોજ પખાવાજ વગાડવાની તથા સ્તવના કરવાની તેમને તક મળી હતી. આપણા વડીલોએ નિર્માણ કરેલી આ અમૂલ્ય પરંપરાને જ્ઞાતિએ આજે પણ જીવંત રાખી છે તે ગૌરવની વાત છે. આ પરંપરા દ્વારા પ્રભુ ભક્તિનો પ્રવાહ ચાલુ રાખવા બદલ તેમણે તમામ મંડળોને અભિનંદન પાઠવ્યા હતા.

આજના વ્યસ્ત જીવનની વાત કરતાં આચાર્યશ્રીએ સુંદર મર્મ સમજાવ્યો કે આજનો માનવી એટલો વ્યસ્ત બની ગયો છે કે બીજાનો વિચાર કરવો તો દૂર, પોતાની જાત માટે પણ સમય કાઢી શકતો નથી. વિજ્ઞાને જીવનમાં અનેક સગવડો અને સુવિધાઓ આપી સમય બચાવ્યો છે, પરંતુ આ બચેલા સમયનો ઉપયોગ આત્મ કલ્યાણ, પરોપકાર અને આંતરિક ઉન્નતિ માટે કરવાનું આપણે ભૂલી ગયા છીએ. આવા સમયમાં પખાવાજના માધ્યમથી થોડો સમય સંગીત, ભક્તિ અને મહાપુરુષો દ્વારા રચાયેલી પ્રાચીન કૃતિઓના ગાનમાં વિતાવવો એ પણ એક પ્રકારની સાધના છે. હૃદયના તારને સ્પર્શીને થતી સ્તવના મનને પ્રસન્નતા આપે છે, કાનને પવિત્ર કરે છે અને જીવનમાં સાત્વિકતાનો સંચાર કરે છે.

વિશેષમાં એમણે કહ્યું કે પૂજા માત્ર સ્નાન કરી, પૂજાનાં વસ્ત્રો ધારણ કરીને પ્રભુની નવ અંગપૂજા કરવા પૂરતી મર્યાદિત નથી. સ્તવના, ભાવના અને ભક્તિગાન પણ પ્રભુ પૂજાનાં જ સ્વરૂપો છે. પખાવાજ માત્ર બાહ્ય આનંદ કે મનોરંજનનું સાધન નથી; તે અંતર આનંદની અનુભૂતિ કરાવતું, આત્માને ઢંઢોળતું અને સત્ય તરફ દોરી જતું માધ્યમ છે. જો દરરોજ કારણવશ જિનપૂજા કરવી શક્ય ન હોય તો પરિવારના સભ્યોએ સાથે મળીને રોજ ચાર સ્તવનો ગાવાની ભાવના રાખવી જોઈએ. પ્રાચીન મહાપુરુષોએ રચેલી આ કૃતિઓમાંથી નીકળતાં ભક્તિનાં સ્પંદનો જીવનની દિશા બદલી શકે છે. આપણા સૂત્ર 'દશાની નવી દિશા'ને પણ આ રીતે સાર્થક કરી શકાય છે.

આચાર્યશ્રીએ પખાવાજના ભવિષ્ય અંગે એક મહત્ત્વપૂર્ણ ચિંતા પણ વ્યક્ત કરી હતી. આજે પખાવાજ સાથે જોડાયેલા મોટા ભાગના કલાકારો ૩૫ વર્ષથી વધુ ઉંમરના છે, જેમાં અનેક કલાકારો પ્રૌઢ વય કે તેનાથી વધુ વયના છે, જ્યારે યુવાનોની સંખ્યા ઘણી ઓછી છે. આ પરંપરા આગામી પેઢી સુધી જળવાઈ રહે તે માટે જ્ઞાતિનાં શિક્ષણનાં કેન્દ્રો, બોર્ડિંગો અને પાઠશાળાઓમાં પખાવાજનો

સમાવેશ કરવો જોઈએ, જેથી બાળપણથી જ સંગીત અને સંસ્કારનું સિંચન થાય. મુંબઈમાં જ્ઞાતિની વસ્તી વધુ હોવાથી દર ત્રણ વર્ષે એક વખત મુંબઈમાં પખાવાજનો કાર્યક્રમ યોજાય તેવી ભાવના પણ તેમણે વ્યક્ત કરી હતી. પખાવાજની સાથે આપણી માતૃભાષા ગુજરાતી અને તેના દ્વારા ગવાતાં પરંપરાગત સ્તવનોનો વારસો પણ જળવાઈ રહેશે, તેવો તેમણે સુંદર સંદેશ આપ્યો હતો.

કાર્યક્રમ અત્યંત સફળ રહ્યો હતો. તમામ મંડળોની રજૂઆત સરાહનીય રહી અને જ્ઞાતિજનોની પણ સારી ઉપસ્થિતિ જોવા મળી. વિશેષ આનંદની વાત એ છે કે યુટ્યુબના માધ્યમથી આશરે ૧૬,૦૦૦ લોકોએ આ કાર્યક્રમ નિહાળ્યો. આ આંકડો પખાવાજ પ્રત્યે સમાજમાં વધી રહેલા રસ અને ઉત્સાહનો સંકેત આપે છે.

પરંપરાને જીવંત રાખવાના માર્ગ

સમયનો પ્રવાહ ક્યારેય અટકતો નથી. તેની સાથે સમાજ, જીવનશૈલી, સંગીતની પસંદગી અને પરંપરાઓ પણ બદલાતી રહે છે. ઘણી પરંપરાઓ સમયના વમળમાં વિસરાઈ જાય છે, જ્યારે કેટલીક નવી પેઢીના પ્રયાસોથી ફરી જીવંત બને છે. પખાવાજની પરંપરા આજે આ જ બે રસ્તાના સંગમસ્થાને ઊભી છે.

વારસો માત્ર ભૂતકાળની યાદ નથી. જે વારસો નવી પેઢી સુધી પહોંચે અને તેના જીવનનો હિસ્સો બને તે જ સાચો જીવંત વારસો છે. તેથી પખાવાજ અને પરંપરાગત ભક્તિ સંગીતને જાળવવા માટે સમાજે આયોજન બદ્ધ અને સંગઠિત પ્રયાસો કરવા જરૂરી છે.

૧. નિયમિત ભક્તિ કાર્યક્રમો

દરેક સંઘ અને જિનાલયમાં અઠવાડિયામાં એક દિવસ અથવા મહિનામાં એક વખત પખાવાજ સાથે પરંપરાગત ભક્તિગીતોની બેઠક યોજાય. પખાવાજ માત્ર સ્પર્ધા કે મહોત્સવ પૂરતો મર્યાદિત ન રહે, પરંતુ નિયમિત ભક્તિ પરંપરા ઊભી થાય તે જરૂરી છે.

૨. બાળકો અને યુવાનોને તાલીમ

જૂના ગાયકો અને વાદકો પાસે રહેલું જ્ઞાન તેમની સાથે વિસરાઈ ન જાય તે માટે રવિવારીય વર્ગો, ઉનાળુ તાલીમ શિબિરો અને ઓનલાઇન તાલીમ શરૂ કરવી જોઈએ. વડીલો પાસેથી નવી પેઢીને સીધું શિક્ષણ મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

૩. પાઠશાળામાં સંગીત સંસ્કાર

રવિવારીય પાઠશાળાઓમાં ધાર્મિક જ્ઞાન સાથે ઝાંઝનો તાલ, પખાવાજનો પરિચય, પ્રભાતિયાં, સ્તવન, ગોડી અને હોરી જેવી પરંપરાઓનો પરિચય કરાવવામાં આવે તો બાળપણથી જ તેમાં રસ પેદા થશે.

૪. દુર્લભ સામગ્રીનું દસ્તાવેજીકરણ

ઘણા વડીલ કલાકારો પાસે આજે પણ દુર્લભ ઢાળો અને સ્તવનોની સ્મૃતિ સચવાયેલી છે. તેમનાં ઓડિયો-વિડિયો રેકોર્ડિંગ, જૂની નોટબુકો, ગીતસંગ્રહો અને તાલની માહિતીને તાત્કાલિક સાચવવી જરૂરી છે. મોબાઇલ અને ઇન્ટરનેટના યુગમાં આ કાર્ય પહેલાં કરતાં ઘણું સરળ બન્યું છે.

૫. 'કલ્યાણ સુર-સંગમ' જેવા પ્રયાસો

શ્રી શાંતિલાલ કલ્યાણજી લોડાયા, શ્રી પ્રબોધ મુનવર અને શ્રી દીપક ડાઘા દ્વારા પ્રકાશિત ગીતસંગ્રહો પખાવાજનાં ગીતો અને સ્તવનોના સંરક્ષણ માટેના પ્રશંસનીય પ્રયાસો છે. આવા સંગ્રહોમાં ઢાળો, પ્રસંગ અને સમય પ્રમાણેના સ્તવનો તથા માર્ગદર્શન ઉમેરાતાં રહે તો તે આગામી પેઢી માટે વધુ મૂલ્યવાન દસ્તાવેજ બની શકે.

૬. ચાતુર્માસ અને ધાર્મિક પ્રસંગોમાં સ્થાન

સાધુ-સાધ્વી ભગવંતોના ચાતુર્માસ, પર્યુષણ, મહાવીર જન્મકલ્યાણક, સ્નાત્રપૂજા તથા અન્ય ધાર્મિક પ્રસંગોમાં પખાવાજને વિશેષ સ્થાન મળવું જોઈએ. મુંબઈમાં

એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)

પર્યુષણ દરમિયાન વિવિધ દેરાસરોમાં ભક્તિ ભાવના યોજાય છે. તેમાં દર વર્ષે એકાદ-બે દિવસ પખાવાજની પરંપરાને સમર્પિત કરવામાં આવે તો તેને મોટું પ્રોત્સાહન મળી શકે.

૭. ટેકનોલોજીનો સદુપયોગ

આજનો યુગ ડિજિટલ યુગ છે. એક તરફ મોબાઇલ, સોશિયલ મીડિયા અને મનોરંજનનાં નવાં સાધનોએ પરંપરાગત ગાનને પાછળ ધકેલ્યું છે, તો બીજી તરફ આ જ ટેક્નોલોજી આપણા વારસાને વૈશ્વિક સ્તરે પહોંચાડવાની અદભુત તક પણ આપે છે. પખાવાજનાં ઓડિયો-વિડિયો, ગીતોની ડિજિટલ લાઇબ્રેરી, ઓનલાઇન તાલીમ અને સોશિયલ મીડિયાના માધ્યમથી ભક્તિગીતો નવી પેઢી તથા વિશ્વભરના સમાજ સુધી પહોંચાડી શકાય. દરેક મંડળે એક જ સ્થળે ભેગા થવાની જરૂર નથી; ડિજિટલ માધ્યમથી પણ ભક્તિ અને શિક્ષણનો પ્રવાહ ચાલુ રાખી શકાય.

૮. નવા સ્વરૂપે રજૂઆત

આધુનિક યુવાનોને આકર્ષવા માટે પખાવાજના પરંપરાગત શાસ્ત્રીય તાલ પર આધારિત નવા, મધુર સ્તવનો અને ભક્તિગીતો તૈયાર કરી શકાય. મૂળ પરંપરા અને તેની ગરિમા જાળવીને રજૂઆતમાં નવીનતા લાવવામાં આવે તો યુવાનો સાથે તેનો સંબંધ વધુ મજબૂત બની શકે.

૯. કલાકારોનું સન્માન અને પખાવાજ મહોત્સવ

જે વડીલો અને કલાકારોએ દાયકાઓ સુધી આ પરંપરા જાળવી છે તેમનું જાહેર સન્માન થવું જોઈએ. દર વર્ષે સર્વજ્ઞાતિ પખાવાજ મહોત્સવ યોજાય તો વિવિધ શહેરો અને ગામોમાં રહેલા કલાકારોને એક મંચ મળશે અને નવી પેઢીને પ્રેરણા મળશે. ખાસ કરી જ્યાં આપણી વધુ વસતિ છે તેવા કેન્દ્રો પસંદ કરીએ તો ત્યાં વધુ યુવાઓને આકર્ષી શકાશે.

આઝાદી પછી દેશે લલિત કલા અકાદમી, સંગીત નાટક અકાદમી અને સાહિત્ય અકાદમી જેવી સંસ્થાઓ દ્વારા વિવિધ કલાઓને પ્રોત્સાહન આપ્યું છે. ત્યારે આપણા આ અમૂલ્ય વારસાના જતન અને સંવર્ધન માટે પણ નિયમિત તથા સંગઠિત પ્રયાસો કરવાનું આપણું કર્તવ્ય છે. મુંબઈ મહાજન તથા અન્ય સંસ્થાઓ દ્વારા થઈ રહેલા પ્રયાસોને વધુ વ્યાપક બનાવવાની જરૂર છે.

આ લેખમાળાના સંદર્ભમાં એક ભાવનાત્મક નોંધ કરવી જરૂરી છે. આજથી દશેક વર્ષ પહેલાં પખવાજના મર્મી કોઠારાના શ્રી મુરજી નરસી લોડાયાએ પખાવાજની વિસરાતી જતી કળા અંગે મને ઘણી મહત્વપૂર્ણ માહિતી આપી હતી અને આ વિષય પર લેખ લખવાનું સૂચન પણ કર્યું હતું. તેમની હયાતીમાં આ કાર્ય પૂર્ણ કરી શક્યો નહીં તેનો અફસોસ આજે પણ છે. તેથી પખાવાજની આ સમગ્ર લેખમાળા તે કલા રસિક દિવંગત આત્માને ભાવપૂર્વક અર્પણ કરું છું. આ લેખમાળાની સફરમાં અનેક ભાઈઓએ પણ અમૂલ્ય માહિતી, માર્ગદર્શન અને સહકાર આપ્યો છે. તે તમામનો હૃદયપૂર્વક આભાર.

અંતે એટલું જ...

પખાવાજની આ લેખમાળા અહીં પૂર્ણ થાય છે, પરંતુ પખાવાજની જ્યોત ક્યારેય ઓલવાવી ન જોઈએ. તે દરેક સંઘ, જિનાલય, ઘર અને નવી પેઢીના હૃદયમાં પ્રજ્વલિત રહે તે જ આ લેખમાળાની સાચી સફળતા ગણાશે.

'વારસો આપણને પૂર્વજો પાસેથી મળતો નથી; આપણે તેને જુની પેઢી પાસેથી ઉછીનો લીધો છે. તેને વધુ સમૃદ્ધ બનાવી નવી પેઢીને પરત આપવાની જવાબદારી આપણી છે.'

સંપુર્ણ

Soual ART

સોનલ આર્ટ
(થાણા)
શાંતિભાઈ : 99678 41792

બટકસબ, મોચી ટાંકો, કચ્છી ભરત, જીક કસબ, પારસી, પીટા, હાથ અને મશીન વર્કની સાડીઓ, ચણીયાચોળીનો રેડી સ્ટોક તથા ઓર્ડરથી બનાવવામાં આવશે.

સાચી જરીના ઘરચોળા સારા ભાવે વેંચી આપવામાં આવશે
સાડીઓ ઑલ્ટર કરી આપવામાં આવશે

'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪

એકબીજાનો સહારો બનીએ



શ્રી કચ્છી જૈન સેવા સમાજ તથા તેના તમામ પેટા ઘટકોના આદરણીય સભ્યોને મારા જય જિનેન્દ્ર.

આપ સૌને દિવાળીના પવિત્ર પર્વની હાર્દિક શુભકામનાઓ.

આજે એક એવા વિષય પર આપ સૌનું ધ્યાન દોરવું છે, જેમાં આપ સૌના અમૂલ્ય વિચારો, સૂચનો અને માર્ગદર્શનની મને અપેક્ષા છે.

આપણા સમાજમાં સામાજિક, આરોગ્ય, રમતગમત, શિક્ષણ અને સંસ્કૃતિને લગતી અનેક સમિતિઓ કાર્યરત છે. આ તમામ સંસ્થાઓ અને સમિતિઓ સમાજના ઉત્કર્ષ માટે ઉમદા કાર્યો કરી રહી છે. પરંતુ આજે હું સમાજ સમક્ષ એક એવા વિષયની રજૂઆત કરવા માગું છું, જે આપણા સમાજના બે અલગ-અલગ વર્ગોને એકબીજા સાથે જોડીને બંનેનું ભવિષ્ય બદલી શકે છે.

એક વર્ગ પાસે કાબેલિયત છે, પણ તકની જરૂર છે...

આપણા સમાજમાં એવા અનેક સભ્યો છે, જેમની ઉંમર ૪૫થી ૫૦ વર્ષની આસપાસ છે. સમય-સંજોગો, નોકરી-ધંધાની પરિસ્થિતિ કે પૂરતી શૈક્ષણિક લાયકાતના અભાવે તેઓ પોતાની ક્ષમતા મુજબ આગળ વધી શક્યા નથી. પરંતુ એવું નથી કે તેમનામાં આવડત, અનુભવ, મહેનત કરવાની તૈયારી કે વ્યવસાયિક સમજ નથી.

આ ઉંમરે વ્યક્તિની પારિવારિક અને આર્થિક જવાબદારીઓ પણ વધતી હોય છે. બાળકોનું ભવિષ્ય, શિક્ષણ, પરિવારની જરૂરિયાતો અને આર્થિક સ્થિરતા માટે તેમને એક મજબૂત તકની જરૂર હોય છે.

બીજો વર્ગ છે, જેમની પાસે વ્યવસાય છે, પણ વારસદાર નથી. આપણા સમાજમાં એવા અનેક ઉદ્યોગપતિઓ અને બિઝનેસમેન પણ છે, જેમણે વર્ષોની મહેનત, અનુભવ અને મૂડીથી એક સફળ વ્યવસાય ઊભો કર્યો છે. એક બ્રાન્ડ બનાવી છે, રોજગાર ઊભો કર્યો છે અને પોતાની આગવી ઓળખ સ્થાપિત કરી છે.

પરંતુ આજે તેમની નવી પેઢી એ વ્યવસાયમાં જોડાવા ઇચ્છતી નથી અથવા પરિવારમાં એવો કોઈ સક્ષમ વ્યક્તિ નથી, જે આ વ્યવસાયને આગળ વધારી શકે. આવી પરિસ્થિતિમાં વર્ષોની મહેનતથી ઊભા કરેલા વ્યવસાયને બંધ કરી દેવો કે તેના પર તાળાં મારી દેવાં એના કરતાં તેને કોઈ યોગ્ય અને સક્ષમ વ્યક્તિના હાથમાં સોંપીને આગળ વધારવો વધુ સારું ન હોઈ શકે?

તો શું આ બંને વર્ગ એકબીજાના સહયોગી બની શકે?

મારો એક વિચાર છે... જમવાનું ત્યાં જ પીરસવાની મજા આવે, જ્યાં સાચી ભૂખ હોય!

જેની પાસે તક અને વ્યવસાય છે, તે તકની જરૂરિયાત ધરાવતી વ્યક્તિને ઓળખે અને જેની પાસે આવડત, અનુભવ તથા આગળ વધવાની ભૂખ છે, તેને એક તક આપે.

આપણા સમાજના કોઈ બિઝનેસમેન કે ઉદ્યોગપતિ પોતાના વ્યવસાયને આગળ ધપાવવા માટે કોઈ યોગ્ય વ્યક્તિને પસંદ કરી શકે. તે વ્યક્તિને પોતાના વ્યવસાયની કાર્યપદ્ધતિ સમજાવે, સમય આપે, તાલીમ આપે અને તેની ક્ષમતા તથા પ્રામાણિકતાની ચકાસણી કર્યા બાદ તેને બિઝનેસ પાર્ટનર તરીકે જોડવાની તક આપે.

આ રીતે એક 'બિઝનેસ પાલક અને બિઝનેસ ઉત્તરાધિકારી' જેવી નવી વ્યવસ્થા ઊભી થઈ શકે.

આમાં બંને પક્ષનો ફાયદો છે.

- વ્યવસાયના માલિકને પોતાના જીવનની મહેનતથી ઊભા કરેલા વ્યવસાયને આગળ વધારવા માટે એક સક્ષમ સાથી મળશે.

- તક શોધી રહેલી વ્યક્તિને પોતાની આવડત સાબિત કરવાની અને આર્થિક રીતે મજબૂત બનવાની તક મળશે.

- એક પરિવારનો વ્યવસાય અને બ્રાન્ડ જીવંત રહેશે.

- નવા રોજગાર અને વ્યવસાયિક તકોનું સર્જન થશે.

- સૌથી મહત્ત્વનું, સમાજના બે પરિવારો એકબીજાના

વિકાસમાં ભાગીદાર બનશે.

આ કોઈ દાન કે સહાનુભૂતિનો વિષય નથી.

આ એકબીજાની જરૂરિયાત, આવડત, અનુભવ અને તકને જોડીને પરસ્પર વિકાસ કરવાનો પ્રયાસ છે. આવો, આ લાભ પાંચમના શુભ મુહૂર્તે એક અનોખી શરૂઆત કરીએ!

મારી આપ સૌને નમ્ર અપીલ છે.

જો આપ એવા બિઝનેસમેન કે ઉદ્યોગપતિ છો, જેમને પોતાનો વ્યવસાય આગળ વધારવા માટે કોઈ સક્ષમ અને વિશ્વાસુ વ્યક્તિની જરૂર છે, તો આપ મને અંગત રીતે સંપર્ક કરી શકો છો.

અને... જો આપ એવા વ્યક્તિ છો, જેમની પાસે વ્યવસાયિક આવડત, અનુભવ, મહેનત કરવાની તૈયારી અને કંઈક નવું કરવાની ધગશ છે, પરંતુ આગળ વધવા માટે યોગ્ય તક કે વ્યવસાયિક સાથીની શોધમાં છો, તો આપ પણ મને અંગત રીતે સંપર્ક કરી શકો છો.

મારો પ્રયાસ રહેશે કે બંને પક્ષની જરૂરિયાત અને યોગ્યતા સમજીને યોગ્ય વ્યક્તિની યોગ્ય વ્યવસાયિક પાલક સાથે મુલાકાત ગોઠવું અને પ્રાથમિક ઇન્ટરવ્યૂ તથા ચર્ચાની પ્રક્રિયામાં સહયોગ આપું. આગળની ભાગીદારી, શરતો અને વ્યવસાયિક જવાબદારીઓ બંને પક્ષની પરસ્પર સંમતિથી નક્કી થઈ શકે.

મિત્રો, સમાજની સાચી પ્રગતિ માત્ર કાર્યક્રમો યોજવાથી જ નહીં, પરંતુ સમાજના એક સભ્યને બીજા સભ્યના પગ પર ઊભા કરવામાં મદદ કરવાથી પણ થાય છે.

કદાચ આપણી આ નાનકડી પહેલ કોઈના પરિવારનું ભવિષ્ય બદલી શકે, કોઈનો વર્ષો જૂનો વ્યવસાય બચાવી શકે અને કોઈને જીવનમાં ફરીથી નવી શરૂઆત કરવાની તક આપી શકે.

એક હાથ ઉઠાવો... એક હાથને પકડવા...

કારણ કે જ્યારે સમાજ એકબીજાનો સહારો બને છે, ત્યારે સમાજની શક્તિ અનેકગણી વધી જાય છે.

આપ સૌના સકારાત્મક પ્રતિભાવ, સૂચનો અને સહયોગની અપેક્ષા સાથે...

- તેજસ લોડાયા-૯૯૨૫૦૧૯૩૩૬

સમાજને લાલબત્તી !



શાસ્ત્રોમા પ્રભુ ભક્તિમાં ચામર નૃત્ય કરવાનો સમાવેશ છે. આ ચામર નૃત્ય એટલે પરમાત્માની પ્રતિમાનું આલંબન લઈ ભક્તિમાં એકાકાર થઈ જવું. જેના કારણે કેટલાંય ઘાતી કર્મોનો નાશ થાય છે અને પૂણ્યનું ભાથું બાંધી આવતો ભવ સુધારવાની તક મળે છે.

તાજેતરમાં આપણા સમાજમાં ખુબ જ લોકપ્રિય બની લગભગ ઘરોઘર સફળતાને વરેલ ચામર નૃત્ય ઉત્સવ એ ખરેખર તો કર્મનો નાશ કરવાને બદલે નવા કર્મને ઉદયમાં લાવવાનું કામ કર્યું છે.

સામાન્ય રીતે ચૌદ સ્વપન પાટ પર પધરાવવા, ઝુલાવવા સમયે, કલ્પસૂત્ર કે બારસા સુત્રની શોભાયાત્રા દરમિયાન અથવા તો ભક્તિ ભાવના, ધાર્મિક અનુષ્ઠાન કે જિનબિંબ નગર પ્રવેશ કે પ્રતિષ્ઠા દરમિયાન મનના ખુબ જ ઉલ્લાસભર્યા વાતાવરણમાં ચામર નૃત્ય કરવાનો રિવાજ છે. એમાં પણ એક વાતનો ઉલ્લેખ કરવો આવશ્યક રહેશે કે સાધુ ભગવંતોની ઉપસ્થિતિમાં જાહેરમાં સ્ત્રીઓ માટે નૃત્યની મનાઈ ફરમાવવામાં આવી છે પછી ભલે ને તે ચામર જ કેમ ના હોય!

સમાજમાં યોજાયેલ આ ચામર ઉત્સવથી આવા કેટલાક નિયમોનું ઉલ્લંઘન કરી પ્રેક્ષકો માટે એક નિંદનીય રજૂઆત કરવામાં આવી છે તેવું મારું દ્રઢ માનવું છે. ચામર નૃત્યની પ્રણાલિકાને વ્યવસાયિક સ્વરૂપ આપી શાસ્ત્ર કથનને ઘમરોળી નાખ્યું છે. આજનો યુવાધન પરમાત્મા, જિનવાણી અને ધર્મથી વિમુખ થઈ રહ્યો છે ત્યારે આવા આયોજન તેમને

બંડ પોકારવા મદદરૂપ બની જશે તેમાં કોઈ બે મત નથી.

આ ઉત્સવમા સહભાગી થવા ગીત - સંગીત, વિડિયો રેકોર્ડિંગ, નિર્ણાયકો તરીકે ફરજ બજાવતા માનવ કલાકો અને જે વિધુત ઊર્જા વેડફાઈ તેટલી રકમ તેમજ જાહેર થયેલ વિવિધ વય ગ્રુપ મુજબ વિભાગવાર ઈનામ તરીકે અપાયેલી લગભગ રકમ જે તે જિનાલયમાં સાધારણ ખાતે આપી તેમાં વૃદ્ધિ કરી શકાઈ હોત.

અંતે આ મારી સમજ, બાકી આપ સહુ વધુ સમજદાર છો...!

- જ્ઞાનેશ જયચંદ લાપસિયા, મુલુંડ ચેકનાકા
૯૯૨૦૫૧૩૪૯૩

અગત્યની સ્પષ્ટતા

આ લેખમાં વ્યક્ત કરવામાં આવેલા વિચારો, મંતવ્યો અને અભિપ્રાયો સંપૂર્ણપણે લેખકના અંગત છે. ચામર નૃત્ય સ્પર્ધાના ધાર્મિક ઔચિત્ય તથા તેના આયોજન પાછળ થયેલા ખર્ચ અંગે લેખકે વ્યક્ત કરેલા વિચારો સાથે સામયિક કે તેની સંપાદકીય ટીમ સંમત નથી. આ લેખ માત્ર લેખકના વ્યક્તિગત વિચારોની અભિવ્યક્તિ તરીકે પ્રકાશિત કરવામાં આવ્યો છે. સામયિક કે તેની સંપાદકીય ટીમને તેમાં સામાજિક રીત-રિવાજ અથવા શાસ્ત્રોની દૃષ્ટિએ કંઈ પણ અનિચ્છનીય જણાતું નથી.

- તંત્રીમંડળ, પ્રકાશ સમીક્ષા

ક.દ.ઓ.ના આગામી કાર્યક્રમો

તા. ૨૧ થી ૨૫.૧૧.૨૦૨૬ : સમસ્ત કુરૂવા પરીવાર આયોજિત શ્રી વછરાજ દાદા તથા શ્રી સચ્ચાઈ માતાજીના જુહાર તથા બાના (ગંધી) બદલી સહિત કાર્યક્રમો - કચ્છ ગોધરા મુકામે.

તા. ૨૨-૧૧-૨૬ : જખૌમાં બિરાજમાન અંબે મા ને નમતા છેડા પરિવાર વતી ગંધી બદલવાનો કાર્યક્રમ સ્થાનિકે.

તા. ૨૩.૧૧.૨૦૨૬ : કોઠારામાં બિરાજમાન મૈશેરી કુળદેવી શ્રી ચામુંડા માતાજી સ્થાનકે ધ્વજારોહણ સવારે ૧૦.૧૫ ક.

તા. ૨૮-૨૯.૧૧.૨૦૨૬ : શ્રી આદિનાથજી જિનાલય, વારાપધર તીર્થ ધ્વજારોહણ મહોત્સવ તથા નુતન વ્યાખ્યાન હોલનું ભૂમિ પુજન.

તા. ૨૯-૧૧-૨૬ : તેરા, કુઆપધર, લાખણીયા,ધુફી TKLD પરિવાર સાથે નિયાણીઓનું સ્નેહમિલન મુંબઈમાં .

તા. ૧૩.૧૨.૨૬ : મોટી સિંધોડી ગામવાસીઓનું તથા નિયાણી બહેનોનું સ્નેહમિલન - મેવાડ કેસરી હોલ, ભાંડુપ સવારે ૯.૦૦ ક. થી.

તા. ૧૩-૧૨-૨૬ : ક.દ.ઓ.જ્ઞાતિના છેડા ગોત્રના શ્રી અંબામાતાની સમુહ પેડી સારસ્વત વાડી, મુલુંડ .

તા. ૧૩-૧૨-૨૬ : શ્રી મોટી સિંધોડી મહાજન-ટ્રસ્ટ, શ્રી પ્રગતિ મહિલા મંડળ અને શ્રી નેમ યુથ ફોરમ દ્વારા સ્નેહમિલન, મેવાડ કેસરી હોલ, ભાંડુપ.

તા. ૧૮-૨-૨૭ : મુમુક્ષુ રત્ન શ્રી વત્સલ સુનીલભાઈ નાગડા નલિયા - અમદાવાદની દિક્ષા તિથિ. સ્થાન પાલીતાણા.

તા. ૨૫/૨૬-૨-૨૭ : શ્રી મોટી સિંધોડી મહાજન-ટ્રસ્ટ દ્વારા ધ્વજા મહોત્સવ ૨૦૮૩, સ્થાનિકે.

તા. ૨૬ થી ૨૮.૦૨.૨૭ : શ્રી અજિતનાથ દેરાસર, દલતુગી ખાતે કુંભ સ્થાપના, અચલ ગચ્છાધિપતિ પ્રવેશ, ત્રિહાનિકા મહોત્સવ

તા. ૨-૩-૨૦૨૭ : મુમુક્ષુ રત્ન શ્રી લાજેશભાઈ શાંતિલાલ ખોના-તેરા (ભાંડુપ) દિક્ષા તિથિ, સ્થાન બેંગ્લોર.

જાહેરાતદારોને નિવેદન

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

છેડા બ્રધર્સ

કચ્છના શ્રી સંઘો-મહાજનોને

નૂતન વર્ષાભિનંદન

અને

શુભ દીપાવલી

કચ્છમાં નવું કન્સ્ટ્રકશન / રીપેરીંગ
વોટર પ્રુફીંગ / રીનોવેશન

બંગલો, ઉપાશ્રય, સ્થાનક, મહાજનવાડી,
ભોજનાલય,સેનેટોરીયમ, આવાસ યોજના

તમારા બજેટમાં શ્રેષ્ઠ બાંધકામ, એ જ અમારી ઓળખ



કચ્છમાં

નક્શો બનાવવા, ડિઝાઈનીંગ કરાવવા
3D એલીવેશન, લોક એન્ડ કી કન્સ્ટ્રકશન,
RCC ડીઝાઈનીંગ, વાસ્તુશાસ્ત્ર સાથે બંગલો,
આવાસ યોજના, સેનેટોરિયમ, ઉપાશ્રય વગેરે માટે
અમારો માટે સંપર્ક સાધો...

ભાવ અને ક્વોલીટીમાં સંતોષ આપવાની જવાબદારી અમારી.

છેડા બ્રધર્સ

તમારી સ્થાવર મિલકત અને બાંધકામના રક્ષક

હવે માત્ર વોટરપ્રૂફિંગ કે નવું બાંધકામ પૂરતા મર્યાદિત નથી,
પરંતુ અમે તમારી પેઢીઓની મૂડી સમાન મિલકતને
સુરક્ષિત કરવા માટે એક મજબૂત સેતુ બન્યા છીએ.

અમે લાવીએ છીએ તમારી મૂંઝવણોનો સચોટ ઉકેલ

દસ્તાવેજોની પુનઃપ્રાપ્તિ
જો સમયના વહેણ સાથે મિલકતના અસલ કાગળો
ખોવાઈ ગયા હોય, તો ચિંતા કરશો નહીં. અમે કાયદાકીય
માર્ગદર્શન હેઠળ જરૂરી દસ્તાવેજો તૈયાર કરાવી આપી
તમારી માલિકી હકને મજબૂત કરીશું.

અતિક્રમણ અને કબજાનો નિકાલ
તમારી જમીન પર કોઈએ અનધિકૃત કબજો કર્યો છે?
અમારા બહોળા અનુભવ અને વ્યવહારુ અભિગમ દ્વારા
અમે વિવાદિત જમીનના પ્રશ્નો ઉકેલવામાં નિષ્ણાત છીએ.

રેકોર્ડ અને સર્વે નંબરની શોધ
જે મિલકતનો સર્વે નંબર પણ જ્ઞાત નથી,
તેને સરકારી દફતરે શોધી કાઢી, તેની સચોટ ઓળખ
સ્થાપિત કરવામાં અમે તમારી મદદ કરીશું.

પૂર્વજોની મિલકતનું વ્યવસ્થાપન
તમારી વિરાસતને ફરીથી તમારા નામે કરી,
તેને કાયદેસરના માર્ગે લાવીને તમને
માનસિક શાંતિ અપાવવી એ જ અમારું લક્ષ્ય છે.

કચ્છના ગામે-ગામમાં અમારી સેવા
કચ્છના નાનામાં નાના ગામથી લઈને મુખ્ય શહેરો સુધી,
સ્થાવર મિલકતને લગતી કોઈ પણ જટિલ સમસ્યા હોય
પછી ભલે તે વર્ષો જૂની હોય

એકવાર **છેડા બ્રધર્સ** પર વિશ્વાસ મૂકી જુઓ.
અનુભવપૂર્ણ માર્ગદર્શન...
શ્રેષ્ઠ પરિણામોની ખાતરી....

બજેટ તમારું, સપનું તમારું... એને સાકાર કરવાની જવાબદારી અમારી !

CHHEDA BROTHERS

છેડા બ્રધર્સ | ભુમિત મહેન્દ્ર છેડા 98690 69971 | મહેન્દ્ર મુલચંદ છેડા (મોટી રાયણ)

TA S. MARU - 9869034162

શ્રી સમસ્ત કે.ડી.ઓ. જૈન મહાજન

દિવાળીના શુભ અવસરે, શ્રી સમસ્ત કે.ડી.ઓ. જૈન મહાજનની દિવ્યાંગ સમિતિ દ્વારા દેશના ચારેય ખૂણામાં વસતા બાવન (૫૨) દિવ્યાંગજનોને ઉત્કૃષ્ટ ક્વોલિટીના સૂકા મેવાના પેકેટ પહોંચાડવામાં આવ્યા. તેમાં, ૨૨ મુંબઈ તથા આસપાસના વિસ્તારના, ૧૬ કચ્છના તથા ૧૪ અન્ય રાજ્યોના દિવ્યાંગો સામેલ હતા.

શ્રી ક.દ.ઓ. જૈન સંઘ-ભાંડુપ

પરમ પૂજ્ય અચલગચ્છાધિપતિ શ્રી કલાપ્રભસાગરસુરીશ્વરજી મહારાજા આદિ ઠાણા-૧૦ની પાવન નિશ્રામાં તા. ૧.૧૧.૨૬ના શ્રી મહાવીર સ્વામીના જાપ આરાધના, આદિનાથ જિનાલય દ્વારોદ્‌ઘાટન, નૂતનવર્ષનું મહામાંગલિક, ગૌતમસ્વામીનો રાસ, તથા પૂજા આરાધના યોજાયા જેમાં શ્રાવક શ્રાવિકાઓએ સારી સંખ્યામાં હાજરી આપી.

અનંતસિદ્ધિના આંગણે શ્રી મહાલક્ષ્મીદેવી મેરુ શ્રીયંત્ર મહાપૂજન પરમ પૂજ્ય અચલગચ્છાધિપતિ શ્રી કલાપ્રભસાગરસુરીશ્વરજી મહારાજા આદિ ઠાણા-૧૦ની પાવન નિશ્રામાં તા. ૮.૧૧.૨૬ના યોજાયો.

સ્પીરીટ ઓફ અચલગચ્છ જૈન ઝી

ભાંડુપ નગરીમાં પરમ પૂજ્ય અચલગચ્છાધિપતિ શ્રી કલાપ્રભસાગરસુરીશ્વરજી મહારાજા આદિ ઠાણા-૧૦ની પાવન નિશ્રામાં ભાંડુપ ખાતે 'સ્પિરીટ ઓફ અચલગચ્છ જૈન ઝી' કાર્યક્રમ શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈ, શ્રી અનંતનાથજી ટ્રસ્ટ તથા શ્રી ક.દ.ઓ. જૈન સંઘ ભાંડુપના ઉપક્રમે તા. ૧૩-૧૪-૧૫ નવેમ્બરના યોજાયો હતો.

શ્રી અચલગચ્છ જૈન સંઘ-ડોંબિવલી

પ.પૂ. ગણિવર્યશ્રી કમલપ્રભસાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં સુવિધી સંસ્કાર શિબીર તા. ૧૧.૧૧.૨૦૨૬ના યોજાઈ હતી.

ક.દ.ઓ. સામાજિક સુરક્ષા યોજના

ક.દ.ઓ. વેલફેર એસોસિએશનના નેજા હેઠળ સંચાલિત સામાજિક સુરક્ષા યોજનાના આંકડા જાહેર કરાયા છે. અશોકભાઈ વિકમસી દ્વારા પ્રસ્તુત કરાયેલા આંકડા મુજબ તા. ૩૦ સપ્ટે. ૨૬ની સ્થિતી પ્રમાણે મૃત્યુઆંક ૪૭૯, નિવૃત્ત ૪૭૭૦ અને રોલ પર ૭૧૬૭ મળી કુલ ૧૨૪૧૬ જણ છે. એપ્રિલ ૨૦૨૬થી સપ્ટે. ૨૦૨૬ના આંકડા મૃત્યુ આંક ૧૦, નિવૃત્ત ૧૦૯.

ભાંડુપ પખાવાજ

માસના પ્રારંભમાં ભાંડુપ નગરે પખાવજ કાર્યક્રમમાં વરાડિયાના કલાકારોએ રંગ રાખ્યો. પ્રખ્યાત ઢોલી રાજેન્દ્ર ડાઘાએ તબલાવાદન કર્યું હતું. દિપકભાઈ ડાઘાએ પખાવાજ શૈલીમાં સ્વરચિત ગીત રજુ કર્યું હતું.

અન્ય સહભાગીઓમાં પદમ મોતા, આશા ડાઘા, પદમ લોડાયા, હરીશ ડાઘા, પ્રફુલ મોમાયા, પિયુષ ડાઘા, રાજેન્દ્ર મોમાયા તથા ગજેશ ડાઘા સામેલ થયા હતા.

તિરૂપુર સુવિધિનાથ જિનાલય

તિરૂપુર નગરે સ્થિત ભગવાન સુવિધિનાથ જિનાલય મધ્યે જ્ઞાન પંચમી આરાધના સંપન્ન થઈ. દર વર્ષની પરંપરા જાળવતાં તિરૂપુર સંઘમાં વિક્રમ સંવત ૨૦૮૩ના સુવિધિનાથ જિનાલયનો દ્વારોદ્‌ઘાટન કાર્યક્રમ હર્ષોલ્લાસથી સંપન્ન થયો.

છત્તીસગઢ મહાજન દ્વારા લાભપંચમી આરાધના

છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા

ભગવાન કુંથુનાથ જિનાલય પરિસરમાં સ્થિત જિન સંસ્કાર જ્ઞાનમંદિરમાં જ્ઞાન પૂજન કરવામાં આવ્યું હતું. સાથે જ્ઞાન પૂજન રૂપે ૪૦ ડઝન નોટબુક તથા પેન જરૂરતમંદ વિદ્યાર્થીઓને ભેટ આપવામાં આવ્યા હતા.

શંખેશ્વરધામે અઠ્ઠમ તપ

શંખેશ્વર પાર્શ્વનાથ ધામે અઠ્ઠમ તપનું સં.૨૦૮૩ના મહાવદ ૬,૭ અને ૮ તા. ૨૬,૨૭ અને ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૭ અને પારણા તા. ૧.૩.૨૭ના નિર્ધારિત છે. ભાવિકોને લાભ લેવા આમંત્રણ.

સંપર્ક : પ્રવીણ લોડાયા-૯૮૨૦૫૬૫૨૬૧, માટીન પાસડ-૯૧૬૯૮૩૧૪૧૪.

જીનેન્દ્રસાગરસૂરીશ્વરજીની ૧૫૫મી જયંતિ


પ.પૂ. શ્રી પૂજ જિનેન્દ્રસાગરસુરીશ્વરજી મ.સા.ની ૧૫૫મી જન્મજયંતિ નિમીત્તે યતિવર્ય પ.પૂ. મોતીસાગરજી મ.સા. આયોજિત ગુરુવંદના પ્રસંગે તા. ૧૬.૧૧.૨૦૨૬ અનંતનાથજી જિનાલય મસ્જિદબંદરે યોજાયેલ. પાવનનિશ્રા પ.પૂ. મુનિરાજ રાજશેખરસાગરજી મ.સા. આદિઠાણા ત્રણ.

ગુરુમૈયા વિમલગુણાશ્રીજીની સાધના સ્મૃતિ

મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજન જૈન સંઘ અને મુલુંડ અચલગચ્છ જૈન સમાજના નેજા હેઠળ ગુરુમૈયા પ.પૂ. વિમલગુણાશ્રીજી સા. મ.સા.ની સાધના સ્મૃતિ અને અનુમોદનાર્થ તા. ૧૬ થી ૧૮ દરમિયાન ત્રિદિવસીય વિશિષ્ટ જાપ, અનુષ્ઠાન અને માત્ર ખીરના ત્રણ દિવસના એકાસણાનું આયોજન કરવામાં આવેલ.

સાઉન્ડ ઓફ અચલગચ્છ

અચલગચ્છના ઇતહાસમાં અભુતપૂર્વ આયોજનમાં પ.પૂ. આચાર્યશ્રીજીની અનુકંપાથી ધર્મ અને આધુનિક વિજ્ઞાનના સમન્વયથી ચલચિત્ર/ફિલ્મનું નિર્માણ થયું છે. જ્યારે આજે કલિકાલ પ્રણિત વિવિધ પરિબળોના વધી રહેતા પ્રભાવથી બચવાનો સંદેશ આપતી આ ફિલ્મ દરેકે અવશ્ય જોવી જોઈએ. જે આપણા જૈન ધર્મના જ્ઞાનનું સમુચિત દર્શન કરાવે છે.



વતનના વર્તમાન

સંકલન : કેસરસિંહ ખોના

વારાપધ્ધર જિનાલય ઉત્સવ

વારાપધ્ધર જિનાલયની પુનઃપ્રતિશષ્ઠોત્તર પ્રથમ વર્ષગાંઠની દ્વિદિવસીય ઉત્સવ દરમિયાન ધ્વજારોહણ કાર્યક્રમ યોજાયો. ધ્વજારોહણ પૂર્વે અઢાર અભિશષેક પૂજન ૨૮ નવેમ્બરે યોજાયું હતું. દરમિયાન ધ્વજારોહણ ઉપરાંત વ્યાખ્યાન હોલનું ખાત મુહૂત, ભૂમીપૂજન હાથ ધરાયું હતું.

ધનતેરસની વાહન ખરીદી

ધનતેરસના ધન્ય દિવસે કચ્છ જિલ્લામાં ૩૦૦૦ ટૂ વ્હીલર્સ અને ૪૦૦થી વધુ ફોર વ્હીલર્સ ખરીદાયા હતા.

અબડાસો મધ્યમ શ્રેણીમાં દુષ્કાળગ્રસ્ત

દુષ્કાળગ્રસ્ત વિસ્તાર સંબંધી નોટિફિકેશન જાહેર થયું છે. તદ્નુસાર ભચાઉને ગંભીર દુષ્કાળગ્રસ્ત ઉપરાંત અબડાસા, અંજાર, ભુજ, ગાંધીધામ, લખપત, માંડવી, મુંદરા, નખત્રાણા અને રાપર મધ્યમ દુષ્કાળગ્રસ્ત જાહેર કરાયા છે. નોટીફિકેશન આગામી છ મહિના સુધી ચાલુ રહેશે.

ઊંટોને રોગપ્રતિકાર રસી

રણોત્સવ શરૂ થઈ ગયો છે ત્યારે સહેલાણીઓ ઊંટની સવારીની મોજ માણે તે સ્વાભાવિક છે. આ બાબત ધ્યાનમાં રાખી પશુપાલન ખાતા દ્વારા ઊંટોની સ્વાસ્થ્ય ચકાસણી હાથ ધરાઈ હતી. જેથી ઊંટનો વેળાસર ઈલાજ થાય અને કોઈ સહેલાણી ઉપર નકારાત્મક અસર ન થાય.


સફેદ રણના સહેલાણીઓની સેવામાં લગભગ ૪૫ ઊંટ હાજર રાખવામાં આવે છે. આ ઊંટોને ભિરંડિયારા પશુ ચિકિત્સા અધિકારી ડૉ. પલક વૈધ, ખાવડા પશુધન નિરીક્ષક તુષાર નંદાણિયા, કાસમ ગુલાબી અને ચિકિત્સા ટીમ દ્વારા ઊંટોને ફિટોડા, ઝેરબાજ અને ખાજ વિરોધી રસી આપવામાં આવી છે.

અનુસંધાન પાના નં. ૩૦ ઉપર

જીવન ચક્ર

જન્મ - સગપણ - લગ્ન - મરણ નોંધ

સંપાદક : રમેશ પદમશી દંડ (શાહ) – ભરૂડિયા
મો. : 98197 93610 / E-mail : rpshah41@yahoo.com



જન્મ

----	પનવેલ	વીધી, ઈલમ-પરેશ નાગડા	નલીયા	પુત્રી

જ્ઞાતિ સગપણ

૧૮.૧૦.૨૦૨૬	ગાંધીધામ	મીત નીલેશ ખેતશી ધરમશી	જસાપર	૨૭
	ડોંબિવલી	કૃપા દિનેશ ખેતશી ધરમશી	તેરા	૨૫
૦૨.૧૧.૨૦૨૬	ગાંધીનગર	લીન્કેશ સંજય માણેકજી મૈશેરી	ગોધરા	૨૭
	સેંધવા	સિદ્ધિ વિજય કલ્યાણજી ગોસર (જૈન)	ગોએરસામા	૨૫
૧૫.૧૧.૨૦૨૬	ચેમ્બુર	કુશલ હિતેન્દ્ર નારાણજી ધરમશી	સુથરી	૨૯
	મુલુંડ	ઊર્મિ ચેતન નવીનચંદ લોડાયા	સાંયરા	૨૭

આંતરજ્ઞાતિ સગપણ

૨૦.૧૦.૨૦૨૬	મુલુંડ	સિદ્ધાંત ચેતન લહેરચંદ લોડાયા	વારાપધર	૨૭
	મીરા રોડ	કશ્વી મનોજ બિરાપા આઈલ	મેંગલોર	૨૫
૧૦.૧૧.૨૦૨૬	માટુંગા	પાર્થ ફૂલચંદ માવજી છેડા	નાની તુંબડી	૨૯
	ચેંબુર	પ્રીત દિનેશ લક્ષ્મીચંદ નાગડા	નલિયા	૩૦
૧૪.૧૧.૨૦૨૬	સિડની	સિદ્ધાર્થ વિજેન્દ્ર સુરેન્દ્રમોહન બાંગર	જયપુર	૩૩
	સિડની	અદિતિ ચંદ્રસેન શામજી દંડ	સુથરી	૩૦
૧૪.૧૧.૨૦૨૬	વડોદરા	ધ્રુવ હેમંત પદમશી લોડાયા	નલિયા	૩૩
	વડોદરા	દિવ્યા શ્યામસુંદર ઠાકુરદાસ કક્વાની	વડોદરા	૩૨
૧૪.૧૧.૨૦૨૬	ડોંબિવલી	જ્ઞાનેશ મહેન્દ્ર ઠાકરશી શિયાડ	તેરા	૪૨
	નાલાસોપારા	કૃતિકા હેમંત વીરજી ગોગરી	મોટા કપાયા	૩૨
૧૫.૧૧.૨૦૨૬	નાગપુર	અંજલી પ્રેમેન્દ્ર ધરમશી	કોઠારા	૨૭
	બરેઠા	રક્ષીત નિલેશ જૈન	અજમેર	--

જ્ઞાતિ લગ્ન

૦૨.૦૬.૨૦૧૭	પનવેલ	પરેશ હીરાચંદ નાગડા	નલીયા	૩૯
	ડોંબિવલી	ઈલમ રમેશ ધરમશી	રંગપુર	૩૭

જ્ઞાતિ લગ્ન છુટા

૧૭.૧૦.૨૦૨૬	વાશી	કુણાલ રાજેશ રાયચંદ ખોના	સુથરી	૩૪
	બંગલોર	રીચાલી વિનોદ દેવજી શાહ	નલિયા	૩૧

મરણ

૦૪.૧૧.૨૦૨૬	ઘાટકોપર	હેમેન્દ્ર લક્ષ્મીચંદ શામજી ધુલ્લા	નલીયા	૭૪
૦૫.૧૧.૨૦૨૬	ભરૂડીયા	નરશી ડાહ્યાલાલ ખોના	સેવક ભરૂડીયા	૭૫
૦૭.૧૧.૨૦૨૬	ભુજ/ડોંબિવલી	મણીલાલ ખીમજી તેજપાર લોડાયા	નલીયા	૬૮
૦૯.૧૧.૨૦૨૬	મુલુંડ	ભીમેશ હરેશ જોષી	નેત્રા	૩૭
		(કોઠારાના જ્યોત્સના હિરેન દામજી લાપસીયાના જમાઈ)		
૦૯.૧૧.૨૦૨૬	થાણા	મંજુલાબેન ત્રિકમજી મૈશેરી	મોટી સિંધોડી	૭૪
૧૦.૧૧.૨૦૨૬	થાણા	હિરાચંદ રતનશી નાગડા (પટેલ)	સાંધાણ	૭૫
૧૧.૧૧.૨૦૨૬	ઘાટકોપર	સરોજબેન લાલજી મુનવર (જીવાણી)	જખૌ	૬૯
૧૨.૧૧.૨૦૨૬	કોઈમ્બતૂર	વનિતાબેન બંકીમચંદ્ર લોડાયા	સાંયરા	૮૩
૨૦.૧૧.૨૦૨૬	ડોંબિવલી	હીરબાઈ મણીલાલ દેવજી નાગડા	રાપરગઢવારી	૮૫

નવા/બદલાયેલા સરનામા/ફોન

(પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

Shri Yashodhan Manilal Maisheri (PS-4909)
705, Soniya Apartment,
Prabhudas Thakkar College Road,
Chandan Nagar, Paldi,
Ahmedabad, GJ - 380 007.
M.:97233 89329 / 74349 16251.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા વિનંતી છે.

કુલીનભાઈની સમાજસેવાની પ્રવજ્યા

પ્રવ્રજ્યા અથવા પ્રવજ્યા મૂલરૂપે એક જ શબ્દ અને એનો આશય સન્યાસ અથવા ગૃહત્યાગ થાય. પણ મારી દ્રષ્ટીએ ધાર્મિક દીક્ષા કે ગૃહત્યાગના બદલે માત્ર સમાજસેવાને વરવું એ પણ એક પ્રવજ્યા છે. કુલીનભાઈ ચાંપશી લુઠિયા નિસ્સંદેહ સમાજ સેવાની પ્રવ્રજ્યા ધારણ કરી અહર્નિશ માનવસેવામાં નિમગ્ન રહે છે.

માનવસેવાના વ્યવસ્થિત સંચાલન માટે કુલીનભાઈ ૩૫થી વધુ વરસથી માનવજ્યોત સંસ્થા સાથે જોડાયેલા છે. હેતુ સમાજ ઋણ ચુકવવાનો. સંસ્થા કિડની, કેન્સર કે હૃદયરોગ જેવા મહારોગોના આર્થિક ભારણમાં જરૂરતમંદોને રાહત આપે છે. સંભવ હોય તો વિનામુલ્યે પણ રોગગ્રસ્તો માટે જરૂરી સહાયક સામગ્રીમાં નેબુલાઈઝર, વોકર, વોકિંગસ્ટીક, પેશેન્ટ પલંગ હોટ વોટર ફાઉલર બેડ, વ્હીલ ચેયર, સેક્શન પંપ વગેરે સાધના ઉપલબ્ધ કરાવે. અલબત્ત ડિપોઝીટ કે રાહત દરે. (જન્મભૂમી કનૈયાલાલ જોશીના લેખ પરથી સાભાર)

કુલીનકાંત ચાંપશી લુઠિયાને સમાજ માટે અત્યંત મહત્ત્વની સેવા આપવા માટે અભિનંદન.

Note to Advertisers

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

BEING JAIN

દાન

- **Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)



જૈન ધર્મમાં દાન (દાનધર્મ) એ શ્રાવકની દૈનિક આવશ્યક ફરજોમાંની એક છે. તે એક આધ્યાત્મિક સાધના છે, જે રાગને ઘટાડે છે, મમત્વની ભાવનાને નબળી પાડે છે, કરુણાનો વિકાસ કરે છે અને આત્મશુદ્ધિ તરફ આગળ વધવામાં સહાયરૂપ બને છે.

દાનના સાચા સ્વરૂપને સમજવા માટે કેટલીક મહત્ત્વપૂર્ણ બાબતો યાદ રાખવા જેવી છે:

૧. દાનના ચાર પ્રકાર

જૈન સાહિત્યમાં દાનનું નીચે મુજબનું ચતુર્વિધ વર્ગીકરણ સુપ્રસિદ્ધ છે : આહારદાન-ઔષધદાન-અભયદાન-જ્ઞાનદાન. આ ચાર પ્રકારના દાનમાં એક સુંદર આધ્યાત્મિક ક્રમ સમાયેલો છે. જીવનનું પોષણ કરવાથી શરૂ કરીને પીડાનું નિવારણ, જીવનનું રક્ષણ અને અંતે જ્ઞાન દ્વારા આત્મકલ્યાણનો માર્ગ પ્રકાશિત કરવા સુધીની આ યાત્રા છે.

૨. અભયદાન : અભયદાનનો શાબ્દિક અર્થ છે કોઈને ભયમાંથી મુક્તિ આપવી. આજના સમયમાં અભયદાનનો વ્યાપ ઘણો વિશાળ છે. કોઈ નિર્બળ વ્યક્તિ કે જીવની રક્ષા કરવી, તેમની સાથે થતી ક્રૂરતા અટકાવવી, પોતાના કરતાં નબળા કે અસહાય વ્યક્તિનું શોષણ ન કરવું તથા અન્યને સુરક્ષિત અને નિર્ભય અનુભવાય તેવું વાતાવરણ ઊભું કરવું આ બધા અભયદાનના જ વિવિધ સ્વરૂપો છે. અહિંસાના સિદ્ધાંત સાથે તેનો ગાઢ સંબંધ હોવાથી આજના સમયમાં તેનું મહત્ત્વ વિશેષ છે.

૩. જ્ઞાનદાન : આજના જૈન સમાજમાં જૈન સંસ્કારો અને મૂલ્યોનું શિક્ષણ આપવું, જૈન તત્ત્વજ્ઞાન અને સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવવા, શાસ્ત્રોને સામાન્ય લોકો માટે સુલભ બનાવવા તથા જૈન ધર્મ વિશેની ગેરસમજોને તથ્યપૂર્ણ રીતે અને જવાબદારીપૂર્વક દૂર કરવી, આ બધું જ્ઞાનદાનનાં અર્થપૂર્ણ સ્વરૂપો છે.

૪. દાનમાં પામનારના વ્રતોનો આદર :

દાન આપતી વખતે દાન લેનાર વ્યક્તિના વ્રતો, નિયમો અને ધાર્મિક મર્યાદાઓનો આદર કરવો અત્યંત આવશ્યક છે. દાન આપનારની ભાવના સારી હોય એટલું જ પૂરતું નથી; તેના દ્વારા દાન લેનારની ધાર્મિક પ્રતિજ્ઞા કે સંયમનો ભંગ ન થાય તેની પણ કાળજી રાખવી જોઈએ.

૫. સાધ્યની સાથે સાધનની પણ શુદ્ધિ :

જૈન ધર્મમાં માત્ર હેતુ સારો હોય એટલા માટે કોઈ પણ અયોગ્ય સાધનને યોગ્ય ઠેરવી શકાય નહીં. ઉદાહરણ તરીકે, અન્નદાન માટે ઉપયોગમાં લેવાતો ખોરાક અહિંસાની ભાવના અને યથાશક્તિ જયણાની કાળજી રાખીને મેળવેલો તથા તૈયાર કરેલો હોવો જોઈએ. એ જ રીતે, જરૂરિયાતમંદને સહાય કરતી વખતે તેની ગરિમા અને આત્મસન્માન જળવાઈ રહે તે જોવું જોઈએ. દાનના નામે કોઈને નીચાં દેખાડવું, અપમાનિત કરવું કે તેની લાચારીનો અહેસાસ કરાવવો એ દાનની ભાવનાની વિરુદ્ધ છે.

૬. આદર્શ દાતાના સાત ગુણ :

જૈન શાસ્ત્રોમાં આદર્શ દાતાના સાત ગુણોનું વર્ણન કરવામાં આવ્યું છે:

● શ્રદ્ધા-ભક્તિ-તુષ્ટિ-સત્ત્વ-વિજ્ઞાન-અલુબ્ધતા-ક્ષમા, આ સાત ગુણો દાનને માત્ર બાહ્ય ક્રિયા ન રહેવા દેતાં, તેને આંતરિક ગુણવિકાસની સાધના બનાવે છે.

૭. જૈન ધર્મમાં દાનના બે મહત્ત્વપૂર્ણ ભાવાત્મક સ્વરૂપોની ચર્ચા કરવામાં આવી છે:

● સુપાત્રદાન : યોગ્ય, સદાચારી અને પાત્ર વ્યક્તિને તેની આધ્યાત્મિક ઉન્નતિ કે સદ્કાર્યમાં સહાયરૂપ થાય તેવું દાન આપવું.

● કરુણાદાન : દુઃખી, પીડિત કે જરૂરિયાતમંદ વ્યક્તિ પ્રત્યે કરુણા અને સંવેદનાથી પ્રેરાઈને તેને સહાય

કરવી.

એકમાં પાત્રતાનો વિવેક મહત્ત્વનો છે, તો બીજામાં પીડિત પ્રત્યેની કરુણા અને સહાનુભૂતિ મુખ્ય છે.

૮. દાનની વસ્તુ પણ આધ્યાત્મિક રીતે ઉચિત, જૈન ધર્મના સિદ્ધાંતો અને આધ્યાત્મિક ભાવનાને અનુરૂપ હોવી જોઈએ. પરંપરાગત જૈન માન્યતા અનુસાર, દાન એવું ન હોવું જોઈએ જે અહંકાર, ભય, આસક્તિ કે હિંસક પ્રવૃત્તિઓને ઉત્તેજન આપે.

૯. દાનની સૌથી ઊંડી અને મહત્ત્વપૂર્ણ કસોટી એ છે કે દાન આપ્યા પછી આપણા મનમાં અહંકારની ભાવના કેટલી રહે છે. શું આપણે માત્ર આપણી સંપત્તિનો એક ભાગ જ આપ્યો છે કે તેની સાથે આપણી મમત્વની ભાવનામાં પણ ઘટાડો કર્યો છે ? શું દાન આપ્યા પછી આપણામાં નમ્રતા વધી છે કે દાનનો ગર્વ?

આ પ્રશ્નો આપણને દાનના બાહ્ય સ્વરૂપથી આગળ વધીને તેના આંતરિક હેતુ સુધી પહોંચવામાં મદદ કરે છે. અંતે, દાનનો બાહ્ય માપદંડ આપણે 'શું આપ્યું' તે છે; પરંતુ તેનું સાચો આંતરિક માપદંડ આપણે 'શું છોડ્યું' તે છે. કારણ કે સાચું દાન માત્ર ધન કે વસ્તુનો ત્યાગ નથી, પરંતુ રાગ, મમત્વ, લોભ અને અહંકારના ત્યાગ તરફનું એક મહત્ત્વપૂર્ણ પગથિયું છે.

***

Life Power

BEYOND SHAADI – THE KDO WOMAN'S JOURNEY TO SELFHOOD - PART 3

Alpa Dharamshi (Multilingual Counsellor) - **M.: 9945365319**
Pehechaan - A Mission To Help Identify Yourself.



4. THE FEAR OF DISAPPOINTING EVERYONE — EXCEPT HERSELF

One of the saddest things I witness in counselling is how often young women know what they want but struggle to give themselves permission to choose it.

* They fear disappointing their parents.

* They fear being judged by relatives.

* They fear being labelled too ambitious, too modern, too demanding, or too independent.

* And in trying not to disappoint anyone else, they sometimes disappoint the one person who has to live with every decision they make — themselves.

Dear girls, please remember this:

YOU CAN RESPECT YOUR PARENTS WITHOUT SURRENDERING YOUR VOICE.

You can honour your values and still ask difficult questions.

You can love your family and still set boundaries.

You can be grateful for your upbringing and still choose a different path.

You can be a deeply caring daughter and still say, "This is what I want for my life."

Your parents may have dreams for you, often born out of love, concern, and their own life experiences. Listen to them. Understand them. Have honest conversations.

But remember that their generation and yours may see the world differently.

You do not have to reject your roots to grow your wings.

You can carry your values forward without carrying every expectation unchanged.

5. FROM ANEKANTVAD TO ACCEPTANCE: CAN OUR COMMUNITY MAKE ROOM FOR

DIFFERENT LIVES?

* One of the most beautiful principles of Jain philosophy is *Anekantvad* — the understanding that reality has multiple dimensions and cannot always be understood from a single point of view.

* What if we brought this principle into the way we view our daughters?

* One girl may choose marriage at 25 and find fulfilment in building a family.

* Another may choose to pursue her career until 35 before considering marriage.

* One may want children. Another may not.

* One may choose a traditional family structure. Another may prefer a more egalitarian partnership.

* One may return to work after motherhood. Another may discover a new calling altogether.

Different choices do not automatically mean wrong choices.

Our daughters do not need to live identical lives to remain connected to their community.

Our culture becomes stronger when it can hold differences with compassion.

Imagine a community where a woman is not questioned about her marriage every time she attends a family gathering.

Where an unmarried daughter is not treated as an incomplete story.

Where a married woman is not judged for prioritising her profession.

Where a daughter-in-law is welcomed not merely for the role she will perform, but for the person she already is.

And where parents can proudly say, "Our daughter is building a life that feels right for her."

Would that not be a beautiful expression of our values?

SO, WHAT CAN WE DO DIFFERENTLY?

For parents: Replace pressure with conversation. Ask your daughter what fulfilment means to her before deciding what success should look like.

For prospective partners: Do not merely promise to support her dreams. Discuss how you will make room for those dreams in the practical realities of everyday life.

For our community: Stop measuring a woman's worth by her marital status, and stop treating marriage as the only milestone that makes her life meaningful.

For our daughters: Learn to recognise your needs, communicate your boundaries, and make choices with courage. You do not have to have every answer today. You are allowed to discover yourself along the way.

And for all of us, perhaps it is time to remember that a woman's life is not a competition between tradition and modernity.

She can be rooted and progressive.

Spiritual and ambitious.

Family-oriented and independent.

Gentle and assertive.

She can embrace her heritage while creating a future that looks different from the past.

A FINAL THOUGHT: LET HER BELONG WITHOUT HAVING TO BECOME SOMEONE

ELSE

As a counsellor, I often feel that our daughters do not always need someone to tell them what to do.

Sometimes, they simply need a safe space where they can admit what they feel without being judged.

They need someone to say, "It is okay to be uncertain."

Someone to remind them that they are allowed to change their minds.

Someone who will not turn every conversation about marriage into a deadline or every career decision into a family debate.

And someone who will remind them that their worth was never waiting at the end of a wedding aisle.

Dear KDO daughters, your life is not a race against an imaginary clock.

You are not a delayed bride, a neglected career, or an unfinished family expectation.

YOU ARE A WHOLE HUMAN BEING, EVEN BEFORE YOU BECOME SOMEONE'S WIFE.

And dear KDO parents, perhaps the greatest gift you can give your daughter is not the perfect wedding, the most suitable match, or a life without difficulties.

It is the confidence that, whatever she chooses, she will never have to lose herself to remain loved by you.

Because one day, when our daughters look back at their lives, I hope they will not merely say, "I fulfilled everyone's expectations."

I hope they will be able to say:

"I honoured my roots. I loved my family. I built my dreams. I made my choices. And somewhere along the way, I did not lose myself."

That is the kind of success we should aspire to create for our daughters.

Not just well-settled daughters.

Not just successful professionals.

Not just ideal wives and daughters-in-law.

BUT WOMEN WHO FEEL AT HOME WITHIN THEMSELVES.

Because the real purpose of raising a daughter is not to prepare her to belong to another family.

It is to help her become so secure in who she is that, wherever life takes her, she never has to abandon herself to belong.

— Let us begin this conversation in our homes, our families, and our KDO community.

વિગતવાર સમાચાર મોકલવા નિવેદન

જ્ઞાતિ સંસ્થાઓ, મહાજનો, મંડળોની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના વિગતવાર સમાચારો ફોટોગ્રાફ સાથે સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલવા નિવેદન. તે ઉપરાંત વિશેષ શૈક્ષણિક, સામાજીક, સાંસ્કૃતિક તથા રમતગમત ક્ષેત્રની સિદ્ધિઓની વિગતો પણ ફોટોગ્રાફ સાથે મોકલવા વિનંતી. આપે મોકલેલા વિગતવાર સમાચારોને યથાયોગ્ય રીતે પ્રકાશિત કરવાનો અમારો પ્રયાસ રહેશે. **– તંત્રી મંડળ**

MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA

। પારસી ભરત અને બટકસબની સાડીઓ તૈયાર તેમજ ઓર્ડરથી । સાચી જરીની સાડીઓ બોર્ડર । જુના સાચા ઘરચોળા । કસબના ચણીયા-ચોલી બજારથી વધારે ભાવથી વેંચવા મહાવીર-માટુંગા લઈ આવો, તરત જ ફાઈનલ.

શ્રી મહાવીર એમ્બ્રોયડરી

રાજ નિકેતન બિલ્ડીંગ HDFC ની બાજુમાં, ફુલ ગલ્લીની સામે, માટુંગા સે.રે. ૮૬૫૨૨ ૩૯૫૩૭ / ૯૮૩૩૯ ૧૬૫૧૦ સોમવારે બંધ

MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA

Why October 2026 GST return is more important for FY 2025-26?

CA Hitesh Dharamshi Mob.: 98213 11796
HDHARAMSHI@GMAIL.COM



IMPORTANT: ACTION REQUIRED

All businesses are advised to complete their FY 2025–26 GST reconciliation and review their pending ITC claims, sales amendments and other GST adjustments before the 30 November 2026 statutory deadline.

The October 2026 GST return cycle (filed in November 2026) is critical for FY 2025–26 because it represents the **last regular monthly return window** before the statutory cutoff of **30 November 2026** (or the date of filing the annual return, whichever is earlier) to fix errors, claim missed credits, or make adjustments for the previous financial year.

Key reasons why the October 2026 GST return is vital for FY 2025–26 include:

· **Last Chance for Input Tax Credit (ITC):** Under GST laws, any missed or unclaimed Input Tax Credit pertaining to invoices or debit notes of FY 2025–26 must be claimed no later than the return for November (due in December) or by the 30 November statutory deadline. Filing the October return gives businesses their final major opportunity to reconcile GSTR-2B and claim legitimate credits before they are permanently lost.

· Reconcile purchase registers with GSTR-2B.

· Identify missing purchase invoices.

· Follow up with suppliers for invoices not uploaded in GSTR-1.

· Verify eligible ITC and pending reversals.

Ensure that all eligible credits are claimed within the statutory deadline.

· **Rectifying Invoices and Credit/Debit Notes:** Any amendments, additions, or adjustments to outward / inward supplies, tax invoice errors, or pending credit/debit notes belonging to FY 2025–26 have a strict time limit. Using the October return cycle prevents these discrepancies from turning into permanent tax liabilities or litigation.

· Missing or incorrectly reported sales invoices.

· Incorrect GSTIN or place of supply.

· Errors in taxable value or GST rate.

· Pending credit notes and debit notes.

· Amendments required in previously filed GSTR-1.

Corrections must be made within the applicable statutory time limits under Sections 34 and 37 of the CGST Act.

· **Outward & Book Reconciliation:** Reconciling your books of accounts with GSTR-1, GSTR-3B, e-invoices, and e-way bills for FY 2025–26 during the October cycle helps identify mismatch issues ahead of compiling the annual returns (GSTR-9 and GSTR-9C, due by 31 December 2026).

Complete a comprehensive reconciliation of the following:

· Books of Accounts versus GSTR-1.

· Books of Accounts versus GSTR-3B.

· Purchase Register versus GSTR-2B.

· Sales Register versus E-Invoices.

· E-Way Bills versus reported outward supplies.

· GST liability versus tax actually paid.

This exercise helps identify discrepancies before preparation of the Annual Return.

· **Catching Mismatches Early:** Addressing pending reversals, vendor follow-ups for non-uploaded invoices, and classification errors now avoids heavy interest, penalties, or cascading demands during annual audits

Identification of GST Mismatches and Pending Reversals

Identify and resolve discrepancies relating to:

· ITC appearing in GSTR-2B but not recorded in books.

· ITC recorded in books but not appearing in GSTR-2B.

· Ineligible ITC and reversals under applicable GST provisions.

· Differences in tax liability.

· Incorrect GST classification or tax rates.

· Pending vendor confirmations.

Timely action can help avoid unnecessary interest, disputes and future tax demands.

Do not wait until the Annual Return filing stage. Review your GST records now to avoid losing eligible ITC and missing the opportunity to rectify errors.

વતનના વર્તમાનનું અનુસંધાન

ભુજનું નવું રેલ્વે સ્ટેશન

રૂા. ૨૦૦ કરોડના મૂડી રોકાણથી તૈયાર થઈ રહેલું ભુજ રેલવે સ્ટેશન ઝડપથી પૂર્ણતા તરફ ધપી રહ્યું છે. ૯૮ ટકા કામ પૂરું થઈ ચૂક્યું છે અને હવે છેવટનું ફાઈનલ ટચઅપનું કામ હાથ ધરાયું છે. રેલ્વે સ્ટેશનનું ભવ્ય કલાત્મક દર્શન ઉપસી આવ્યું છે.

વસ્તી ગણતરીનો બીજો તબક્કો

વસ્તી ગણતરીના બીજા તબક્કા માટે ૪૦૦૦ કર્મચારીને જોડવાની પ્રક્રિયા ચાલુ છે. ડિજિટલ ટેક્નોલોજીનો મોટા પાયે ઉપયોગ થઈ રહ્યો છે.

કોરોનાના કારણે ખોરંભાયેલા વસ્તી ગણતરીના કાર્યક્રમના પહેલા તબક્કામાં મકાનોની ગણતરી માટે ૩૧૦૯ બ્લોક પાડવામાં આવ્યા હતા.

ગણતરી કર્તા અધિકારીઓએ ૩૩ પ્રશ્નો દ્વારા માહિતી ભેગી કરી હતી. બીજો તબક્કો ફેબ્રુઆરી ૨૭માં શરૂ થવાની ધારણા છે.

વેકેશન પ્રવાસીઓનો કચ્છમાં ધસારો

વર્લ્ડ હેરીટેજ ધોળાવીરાના અવલોકન માટે સરેરાશ એક લાખ પ્રવાસીઓ આ દિવાળીની રજાઓમાં આવી પહોંચ્યા હતા. સફેદ રણ ધોરડોનો માર્ગ રોડ-ટૂ-હેવન વિશેષ આકર્ષણ બન્યું હતું. ધોરડો અને આસપાસના એક પણ રિસોર્ટમાં જગ્યા નથી.

માતાજીના મઢમાં લગભગ અઢી લાખ ભક્તો પાંચ દિવસમાં દર્શને પહોંચ્યા હતા.

માંડવી બીચ વિસ્તારમાં પ્રવાસીઓનો ધસારો અને જૂના નવા વસ્ત્રોની ખરીદી વેચાણનો મેળો જામ્યો હતો.

ગાંધીધામ સ્વદેશી મેળાના મુલાકાતી એક લાખ

ગાંધીધામ મહાનગરપાલિકા અને દીનદયાળ પોર્ટ ઓથોરિટી દ્વારા આયોજિત સ્વદેશી મેળાને જનતાનો ખૂબ જ શાનદાર આવકાર મળ્યો હોવાના સમાચાર છે. અગિયાર દિવસ સુધી ચાલેલો આ મેળો રાત્રે ૧૦ વાગ્યા સુધી મુલાકાતીઓ માટે ખુલ્લો રખાયો હતો.

કુલ ૮૦ સ્ટોલમાં ૩ લાખથી વધુનું વેંચાણ થયું હોવાનો અંદાજ છે.

Over View

Are we future ready? The way ahead! (Part-6)

Dilipkumar Kusumkant Shah (Nagda)-Naliya - Andheri
B.com, LLB, PGDSM., Ex. IRS, Additional Commissioner of Income Tax.



7. The examples etc will be discussed further but now coming to the moot question of WHAT NEXT? This article is not meant to be an advisory or a guide rather I have penned it to make you aware about the broader scenario how the world is changing and we as a Gnati how we should adapt to these changes. Who should change or adapt to the circumstances? It is obvious that the younger generation needs to be tuned to the upcoming events (India has the highest number of youngsters in the world) However, as far as my knowledge is concerned that younger generation is well aware about the changing scenario and some of the early birds have already adapted to the changes and are battle ready. However, barring those few, we are talking of the bigger group who are not so well educated (regular graduates without any professional or niche area of working). I have specifically used the word not so well educated because graduation is merely a degree which does not disclose the ability of the person. I would be putting down dots over here and you have to connect the dots and as per your ability understand the opportunities which are waiting to be tapped even by the so called educated.

8. In my tenure in the Income Tax Department I had two MTS (Multi Tasking Staff). The duty of these MTS is from peon to clerk. Their gross salary is Rs.28,000/- per month. These two MTS were B.Tech (I too was surprised) I had to ask them what made you join this job wherein you have to give me tea, clean my table and also pick up my files. They said Sir, we had worked in the private sector and the salary was hardly Rs.20,000/- and for that they had to work for 12 hours a day. It would be worthwhile to bring on record that India Produces rather manufactures 15 Lakh Engineers in year and hardly 50K are employable. The working skills are missing in these youth and therefore they are not employable is the only plausible reasons for their employment. Even it is worthwhile to mention here that many IITians prefer a government job for the job security and probably they have doubts of their efficiency / wiled government powers and that is why they do not delve into private sectors. In a recent tweet Elon Musk has warned

"that time is running out: At most, there are 3 years left in which you can still make money selling your work. After that, AI will automate most tasks, and paying a person for their time will no longer make sense.

The model of the last 200 years – I give you a salary in exchange for your time – is coming to an end.

This will trigger the greatest transfer of wealth in modern history. Those who are already making the shift understand it; those waiting for it to hit the news will arrive too late.

In these 3 years, the smartest move is to transform your time into assets that artificial intelligence cannot replace or multiply: Bitcoin and other scarce digital goods, land and energy, infrastructure, networks of

people, and the ability to produce what you really need.

In the end what matters is not how much you work, but what you own. Those who make that leap now will be the ones looking back in 2035-2036 and saying, 'I saw it coming'."

Lessons learnt: Are you already transforming your time into scarce assets, or are you still waiting for it to become more obvious?

(Complete)

Mudra Therapy

Prithvi Mudra – Staying Grounded and Nourished

Dimple Prashant Lodaya, (Mudra Therapist)
Kothara (Bangalore), Mob. 87225 22100



Winter invites us to slow down, seek warmth, and nourish ourselves. As nature rests and the earth prepares for a new season, we too can use this time to reconnect with our bodies and restore our inner balance.Prithvi tattva represents strength, patience, steadiness, and the foundation of life.

Winter reminds us that nature has its own rhythm. Trees may appear still, but their roots continue to nourish them beneath the soil. Similarly, Prithvi Mudra encourages us to look within, strengthen our foundation, and give ourselves the nourishment and care we need. It reminds us that growth does not always mean moving faster; sometimes, it means becoming stronger from within.



Nourishment and Vitality: Prithvi Mudra supports vitality and a sense of physical nourishment. It can be included in a winter routine alongside wholesome food, adequate rest, and gentle movement.

Grounding and Stability: Winter can sometimes make us feel sluggish, restless, or disconnected from our usual rhythm. Practising this mudra with slow breathing offers a moment to pause, settle the mind, and feel more centred.

Emotional Balance: The prithvi tattva symbolises patience and inner strength. This mudra can serve as a gentle reminder to remain steady during life's ups and downs and to respond with calmness rather than haste.

How to Do: Gently touch the tip of your ring finger to the tip of your thumb. Keep the other three fingers extended but relaxed.

Remember you can do mudras while walking,sitting , lying down , talking, in meetings or watching your favorite series. Avoid doing Mudras for 30 minutes after meals. Practice for 10 minutes.

A Gentle Winter Self-Care Routine: Begin your morning with a glass of warm water and a few minutes of gentle stretching. Sit comfortably and do Prithvi Mudra for 5 to 10 minutes while breathing naturally. Enjoy warm, nourishing meals, stay hydrated, and take a little time outdoors in warm sunlight. In the evening,a few moments of gratitude, and restful sleep.

This winter, let Prithvi Mudra remind you that true strength begins with nurturing yourself. Stay rooted, stay nourished, and allow your inner strength to blossom, just like a seed resting peacefully in the earth, waiting for spring.

Kuber Bhandar

Is Your Bank Deposit Safe? Understanding DICGC Cover



CA Jatin Jaichand Lodaya, Naliya (Chembur)
Cofounding Partner of FinaLiteY LLP - Mumbai | jatinlodaya@gmail.com | 9820791226

The Deposit Insurance and Credit Guarantee Corporation (DICGC), a wholly owned RBI subsidiary, runs India's deposit insurance, which began on 1 January 1962 under the DICGC Act, 1961; the present corporation dates from 1978. Every commercial and cooperative bank is covered. Non-banking entities are excluded. As of March 31, 2025, the total insured deposits stand at ₹1,00,04,919 Crore.

It began at ₹1,500 per depositor, then rose to ₹5,000 (1968), ₹10,000 (1970), ₹20,000 (1976), ₹30,000 (1980), ₹1 lakh (1993) and ₹5 lakh on 4 February 2020. That remains today's cap, per depositor per bank, covering principal and interest across savings, current, fixed and recurring deposits. The planned hike to ₹7.5 lakh aims to strengthen depositor confidence. This change is awaited for the past 6 years and in that period, inflation has eroded the value in absolute terms. As an exception, City Co-operative Bank depositors received a further 15%.

India's cap is far lower, when compared with other developed economies (in absolute terms), yet it fully covers 97.5% of accounts (by volume), against an international benchmark of 80%. Ironically, the coverage in India seems large volume wise, but value wise it covers only 41.5% of deposits. The US insures $250,000 (e.g., FDIC Deposit Insurance Fund), the UK £120,000, the EU €100,000, Canada C$100,000 and Japan ¥10 million.

Banks pay the insurance premium and the cost cannot be passed to depositors. The flat rate was 12 paise per ₹100 of assessable deposits yearly. While the coverage threshold is under review, the RBI implemented a new Risk-based Premium framework starting April 1, 2026, which changes how banks pay for insurance based on risk profiles rather than a flat rate. 8–12 paise applies to most banks, with sounder banks paying less. A bank with ₹1,00,000 crore of deposits pays ₹120 crore at 12 paise. Deposits of central, state or foreign governments, other banks, and money deposited outside India are excluded. The Deposit Insurance Fund stood at ₹2.62 lakh crore in March 2026.

The obligation of DICGC kicks in when RBI places a bank under all-inclusive directions, or it is liquidated or merged. Since the 2021 amendment, depositors receive up to ₹5 lakh within 90 days (45 days for the bank to submit details, 45 for DICGC to pay; 60 days if under liquidation). The DICGC has honoured claims of ₹18,931 crore, covering 488 banks, by March 2026 (₹1,988 crore in 2025-26 alone), almost all to cooperative bank depositors. Only 27 commercial banks have ever had claims settled, totalling about ₹296 crore. Commercial banks contribute ~95% of premiums, yet cooperative banks customers benefit from the claims, as they have relatively many small ticket accounts.

Stay Healthy

VITAMIN D (sun shine vitamin)

Dr. Jayantilal P. Khona (LECH) - Jakhau (Mulund)
Mob. : 8779985316



Two most important form of vitamin D that exist in nature, useful to man are. **1) Vitamin D2** (ergocalciferol) found principally in food.

2) VitaminD3 (cholecalciferol) is a fat soluble, pro hormone that body naturally produces in the SKIN, when exposed to sun light. Vitamin d3 is more potent, active useful to mankind. It helps regulate calcium & phosphate levels to support BONE, MUSCLE & IMMUNE HEALTH.

Functions and Benefits of vitamin D3: CALCIUM ABSORPTION: from food through your intestine, to build & maintain strong bones & teeth. BONE HEALTH: prevents bone softening conditions, such as rickets in children & osteomalacia /osteoporosis in adults. IMMUNE & MUSCLE SUPPORT: supplies immune system functions, helps reduce inflammation & aids in maintaining muscle strength.

HOW TO GET VITAMIN D3 1] SUN LIGHT. The body makes vit d3 when ultraviolet rays present in sun, hit the skin (typically 10 to 30 minutes of sun exposure, daily or few times a week, depending on your skin tone. early mor/ mid-day. Allow arms, legs, back EXPOSURE for better absorption. 2] DIET found in natural sources like egg yolk, fatty fish, fish oils, liver, most useful for non-veg peoples. AS WELL AS in fortified foods like MILK, YOGURT, LASSI, PANEER, PLANT MILK, SOYMILK, ALMONDMILK & BREAKFAST CEREALS. BHINDI, SPINACH, PALAK, GREEN PEARS, MATAR useful for veg diet peoples. Helps practical alternatives in Indian diet. Since it is fat soluble, hence best absorbed when taken with a meals containing fats.

LOW LEVELS PRODUCES Low mood, fatigue, weak bones, bone pains, tenderness, muscle aches, increased risk of fractures, bony deformities in children (rickets), bone pain & fracture, osteomalacia /osteoporosis in adult. Walks with waddling gait, difficulty in climbing stairs or getting out of chair

REQUIREMENT is increase in winter in autumn due to less or no sun light.

WHO ARE AT RISK: poor diet, limited or no sun light, old elderly, Muslims due to whole covering of body, frail / housebound, not exposed to outdoor, institution like care home, full covering of the skin outdoor. MODERN LIFE STYLE DOESNOT GET MUCH SUN LIGHT.

TREATMENT AFTER VITAMIN D3 TEST.MAIN treatment is sun light, your diet, supplements, and **Standard Indian vegetables contains negligible or no natural vitamin d3,**as plants generally cannot synthesize this fat soluble vitamin. Due to indoor jobs, pollution or cultural practice eating vitamin d3 rich foods becomes essential. Outdoor exercise, walking, yoga, light work must be encourage. **DAILY REQUIREMENT IS 400 IU (10 MCG).** Medicines in the form of Drops, chewable tab, capsules, and injection are commonly available. These medicines should be use under the guidance of your doctor. It is preventable & treatable.

સમાચાર

જેડલ ગ્રુપ આદિપુર-ગાંધીધામ





પરમ પૂજ્ય સાધ્વી શ્રી સયંમગુણાશ્રીજી મહારાજ સાહેબના દર્શન વંદન માટે ગાંધીધામ-આદિપુર કચ્છથી જેડલ ગ્રુપની બહેનોએ ૫ દિવસ યાત્રા પ્રવાસ કરેલ. ગદગ, હુબલી, કુમથા વિગેરે તિર્થોના દર્શન કર્યા. આ યાત્રામાં નીલમ લાલકા, કાજલ ડાઘા, છાયા લોડાયા, ચેતના ખોના, હીના લાલકા, દિપા લોડાયા, મીરા લોડાયા, વીણા મોમાયા, પદ્મિની નાગડા, પૂજા પટેલ, ભાવના લાલકા, મીના લોડાયા, કલ્પના મોતા, ચેતના મોતા, તરલા નાગડા, ઉષ્મા ડાઘા, જ્યોતિ લોડાયા વિગેરે જોડાયા હતા.

કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન-બેંગ્લોર



શાઈનિંગ સ્ટાર પાઠશાળા દ્વારા ૩૦ ઓક્ટોબર થી ૨ નવેમ્બર ૨૦૨૬ દરમિયાન એક યાદગાર જૈન યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૩૦ સભ્યોએ ભાગ લીધો હતો, જેમાં ૧૫ પાઠશાળાના વિદ્યાર્થીઓ, ૫ શિક્ષકો તેમજ વાલીઓનો સમાવેશ થાય છે.

ગ્રુપે પેદદ્દતુંમ્બલ્લમ, આદોની, બેલ્લારી દેરાસર, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અને હમ્પીની મુલાકાત લઈને પવિત્ર પંચતીર્થી પૂર્ણ કરી. આદોની દેરાસરમાં બાળકોએ પ્રાચીન ભગવાન પાર્શ્વનાથની પ્રતિમાનો ઇતિહાસ અને તેનું મહત્વ જાણ્યું. બાળકોએ સ્નાત્ર પૂજા સહિત વિવિધ પૂજાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. આ ઉપરાંત, હમ્પીનાં ઐતિહાસિક સ્થળો જેવા કે ભવ્ય પથ્થરનો રથ, સંગીતમય સ્તંભો અને વિરૂપાક્ષ મંદિરની પણ મુલાકાત લીધી.

શ્રી કિશોર શામજી કુરૂવાને મહાજન રત્ન એવોર્ડ



તા. ૩૧.૧૦.૨૦૨૬ના શ્રી કોચીન ગુજરાતી મહાજન દ્વારા કેડીઓ કોચીન જ્ઞાતિ શિરોમણી શ્રી કિશોર શામજી કુરૂવાને મહાજન રત્ન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા.

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન ગાંધીધામ





મહાજન દ્વારા વિક્રમ સવંત ૨૦૮૩ નૂતન વર્ષને આવકારવા અને નવા વર્ષની શુભકામના આપવા માટેનો કાર્યક્રમ યોજાયેલ. શરૂઆતમાં આદિપુર સ્થિત પ. પૂ. સાધ્વી શ્રી કોમલગીરાજી મહારાજા સાહેબને વંદન કરી અને એમનું માંગલિક શ્રવણ કર્યું. આ શુભ પ્રંસગે જૈન શાસ્ત્રોમાં આજના દિવસનું મહત્વ સમજાવી આર્શીવચન આપ્યા હતા.

મહાજન પ્રમુખ લહેરચંદ ખોનાએ પધારેલ સૌ જ્ઞાતિજનોનું સ્વાગત કરી સમાજને સુખ સમૃદ્ધિ અને સારું સ્વાસ્થ્ય પ્રદાન થાય તેવી શુભેચ્છા પાઠવેલ. આ પ્રસંગે સમાજના મિતેશ ધરમશી, મહેશ લાલકા, જય દંડ, મીના

CDO Prakash Samiksha R.N.I. No. MAHBIL/2020/79181 Date of Publication : 5th & 20th of every month
Postal Reg. No. MCN / 322 / 2024-2026 WPP Licence No. MR/Tech/WPP-352/North/2024-26
Posting : 8 / 9 & 23 / 24 of every month Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

લાલકા, મધુકાન્ત લોડાયા, જવેરચંદ ખોના, વિશાલ લાલકા વિગેરેએ શુભકામનાઓ આપેલ.

કાર્યક્રમનું સંચાલન કેતન લોડાયા અને જેસલ દંડએ કરેલ, આભાર વિધિ નિરંજન લોડાયાએ કરેલ.

શ્રી છત્તીગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-રાયપુર



મહાજન દ્વારા નૂતનવર્ષ પ્રસંગે તા. ૧૦.૧૧.૨૦૨૬ના શ્રી કુંથુનાથ જિનાલયનું માંગલિક દ્વારોદ્‌ઘાટન સકલસંઘ સાથે કરવામાં આવેલ. ત્યારબાદ જિનાલય દર્શન, ચૈત્યવંદન, અષ્ટપ્રકારી પૂજાનું થાલ અર્પણ બાદ શ્રી ગૌતમસ્વામીજીનું રાસવાંચન કરવામાં આવેલ.

શ્રી છત્તીગઢ ક.દ.ઓ. જૈન યુવા મંડળ-રાયપુર



મંડળની સ્થાપનાના ૩૬ વર્ષ પૂર્ણ થયેલ છે અને ૩૭મા વર્ષમાં પ્રવેશ કરેલ તે નિમીત્તે શ્રી કુંથુનાથ જિનાલયમાં મહાઆરતીનું આયોજન કરવામાં આવેલ.

યુવા મંડળના અધ્યક્ષા અ.સૌ. દીપાબેન નયનભાઈ છેડાએ સર્વેને શુભેચ્છા પાઠવેલ. શ્રી છ.ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનના પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ છેડાએ યુવા મંડળના સ્થાપના દિવસની સર્વેને શુભકામનાઓ આપેલ.

કે.ડી.ઓ. ક્લાસિક અને કે.ડી.ઓ. ક્લાસિક યુથ



તા. ૨૫.૧૦.૨૬ના બન્ને સંસ્થાઓના સભ્યો માટે 'કૌન બનેગા કરોડપતિ' શો ઉપર આધારિત સવાલ-જવાબનો પ્રોગ્રામ આયોજીત કર્યો હતો. જેમાં બે સભ્યોની ચાર ટીમો બનાવવામાં આવી હતી અને સ્કોર પણ આપવામાં આવ્યા હતા. બન્ને સંસ્થાના સભ્યોએ ઉત્સારભેર આ શો માં ભાગ લીધો હતો. વિજેતા ટીમને ઈનામ આપવામાં આવેલ.

સખીવૃંદ - પુના



તા. ૨૭.૯.૨૦૨૬ના સ્નાત્ર પૂજા સાથે પંચતીર્થીનું આયોજન કરવામાં આવ્યું. જેમાં અચલગચ્છ સંભવનાથ જૈન દેરાસરમાં ૧૭ સખીઓ સ્નાત્ર પૂજા માટે એકત્રિત થયા હતા. સ્નાત્ર પૂજા ભણવા માટે મુંબઈથી રશ્મિબેન દંડ અને સુષ્માબેન દંડ ને આમંત્રિત કર્યાહતા.

ત્યારબાદ પંચતીર્થી માટે સૌપ્રથમ ગુરુવાર પેઠમાં આવેલા ગોડીજી પાર્શ્વનાથ દેરાસર, બીજા બે દેરાસર, દાદાવાડી દેરાસરે દર્શન કર્યા હતા. દરેક દેરાસરમાં, મંડળ દ્વારા સામૂહિક અક્ષત, ફળ અને નૈવેદ્ય પૂજા કરી, કાઉસગ્ગ કરવામા આવ્યું. તથા દરેક દેરાસરમાં અષ્ટ પ્રકારી પૂજાનો સેટ આપવામાં આવ્યો હતો.

If not delivered please return to :

C/o. A/704, Remi Bizcourt, Shah Indl. Estate,
Off Veera Desai Road,
Andheri (W), Mumbai - 400 053.

Printed and Published by **HIRACHAND DAMJI DAND** on behalf of **SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI,** Printed at THE NEW MILLENIUM PRINTERS, 14-A, GROUND FLOOR, SITARAM MILL, PATRA SHED, SITARAM MILL COMPOUND, JACOB CIRCLE, LOWER PAREL, MUMBAI 400 013 and Published from SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI, A/704, REMI BIZCOURT, PLOT NO. 9, SHAH INDL. ESTATE, OFF VEERA DESAI ROAD, ANDHERI (WEST), MUMBAI 400 053. Editor: **HIRACHAND DAMJI DAND**